Permitted to post at Ahd. P.S.O. on Tuesday everyweek Under. Regd.No. : AHD-C/24/2018-2020 issued by SSP Ahd. Valid. up to dated 31-12-2020

વાદવિવાદ માટે ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે.

ISSN-2454-9622

To,

# અરવલ્લી જનજીવન

અરવલ્લી જનજીવન

સૂર્ય અને કણી વગર જીવન નહીં

સાપ્તાહિક

ARAVALLI JANJIVAN (Weekly)

અમદાવાદથી દર મંગળવારે પ્રસિદ્ધ થતું અંબાજી વાયા માનગઢથી ઉમરગામ સુધીની વિશ્લેષણાત્મક માહિતીસભર ગુજરાતી સાપ્તાહિક

● Year-7 ● Issue No. 35 ● Dt. 11-08-2020, Tuesday ● Page : 4 ● Price : Rs.5/- ● ANNUAL SUBCRIPTION. Rs. 200/- ● R.N.I. Reg. No. : GUJGUJ/2013/54129 ● E-mail : pandav.vijay4u@gmail.com

● Printed / Publisher / Editor : Dr. PANDE VIJAYKUMAR ASHOKBHAI. M. 98255 86207 ❑ Office : F/51/694, Prakashdeep Appartment, Opp. Bhavsar Hostel, Nava Wadaj, Ahmedabad- 380013.

## તંત્રીલેખ......

### આદિવાસી સમાજમાં ખેતી

અષાઢ બેસતા વડીલો ખેતરના ઝાડી ઝાંખરા સાફ કરતા પથ્થરો વીણતા અને ખેતર આજુબાજુ વાડ કરી ખેતરને તૈયાર કરતા હતા. હળ, જોસળી, મૈડી, ખોપજો, કોયડી, ચૌડુ, જોતરાં, કોદાળી, દાતરડુ વગેરે તૈયાર કરતા હતા. આ પરંપરા આજે પણ ચાલુ છે. તેથી જ તો આપણે સારો પાક લઈ શકીએ છીએ. વધુ પાક લેવા માટે સારુ બિયારણ પણ જરૂરી છે. પરંપરાગત સમયમાં આદિવાસીઓ ફરતી ખેતી કરતા હતા. જ્યારે વર્તમાન સમયમાં ફરતી ખેતી જોવા મળતી નથી. કારણ કે જંગલખાતાના નિયમોને કારણે આદિવાસીઓ સ્થાયી ખેતી કરી રહ્યા છે. પરંપરાગત સમયમાં કુરી, બંટી, કુદરી, માલ, કોદરા વગેરે પાક લેવામાં આવતો હતો. જ્યારે વર્તમાન સમયમાં મકાઈ, અડદ, તુવેર, ચણા, ઘઉં, ડાંગર, મગ વગેરે પાક લેવામાં આવે છે. સિંચાઈની સુવિધા ઓછી હોવાથી મોટાભાગે ચોમાસુ પાક લેવામાં આવે છે. આદિવાસીઓ ખેતીમાં સુધારેલ બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓનો ઉપયોગ કરે છે. બિન આદિવાસી લોકો સુધારેલ બિયારણ, જંતુનાશક દવા, ખાતર વગેરેનો ઉપયોગ કરીને સારો પાક લેતા હતા. તેથી આદિવાસીઓ પણ સુધારેલ બિયારણ, જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ કરે છે. સારા પાકની આશા કુદરત ઉપર છે. આદિવાસીઓ ખેતી કરવા માટે હળનો ઉપયોગ કરે છે. કેટલાક ટ્રેક્ટરનો પણ ઉપયોગ કરે છે. જે લોકો પાસે બળદ નથી તેઓ ભાડેથી બળદની જોડી દ્વારા ખેતી કરાવે છે. ખેતીના કામમાં સ્ત્રી પુરુષ બંને એકબીજાને મદદ કરે છે. વાવણીના સમયે સ્ત્રી પુરુષને મદદ કરે છે અને પાક લણતીવખતે પુરુષ સ્ત્રીને મદદ કરે છે. બાળકો અને વૃદ્ધો પણ યથાશક્તિ મુજબ મદદ કરે છે. ખેતીના સાધનો કોઈની પાસે ન હોય તો તેને મદદ કરે છે. ખેતીમાં પાક વાવણી અને લણતી વખતે જુદા જુદા કુટુંબો એકબીજાને પારસ્પરિક મદદ કરે છે. આદિવાસીઓમાં ચીજવસ્તુઓની અદલા બદલી કરે છે. મજુરીના બદલામાં અનાજ આપવામાં આવે છે. આમ તેમનો વ્યવહાર નાણા દ્વારા નહી પરંતુ વિનિમય દ્વારા ચાલતો હતો. આદિવાસીઓ પાસે મોટાભાગની જમીન પથરાળ અને બિન ઉપજાઉ છે. જંગલખાતા દ્વારા પણ આદિવાસીઓને જમીન પૂરતા પ્રમાણમાં ફાળવવામાં આવી નથી. કાયદા દ્વારા પણ આદિવાસીઓની જમીનનું રક્ષણ થયું નથી.

અરવલ્લી જનજીવનમાં છપાતા લેખો, આર્ટીકલો તેમજ ધર્મ અંગે છપાતી માહિતી માટે જે તે લેખકો જવાબદાર રહેશે. પ્રકાશક આ લેખો માટે જવાબદાર ગણાશે નહીં તેની નોંધ સર્વ વાચકોએ લેવી. તંત્રી : અરવલ્લી જનજીવન

# આદિવાસીની રહેણાંક જગ્યા પર બિનઆદિવાસીને પરવાનગી વિના તબદીલ થઈ શકે નહીં

પ્રોપર્ટીઝ લોઝ એન્ડ વ્યૂઝ
નજમુદીન મેઘાણી
(એડવોકેટ)

આદિવાસી કબજેદારોએ ધારણ કરેલ જમીનો સંબંધે રક્ષણ મળે યા આદિવાસીના હિતો-હકોનું રક્ષણ થાય અને આદિવાસીની જાતિ અન્ય જાતિઓની જેમ સમાજમાં મોભાનું સ્થાન મેળવે અને ઉન્નતિ કરે તે માટે અને અન્ય ઊંચી જાતિના વગદાર જામીન માલિકો દ્વારા આદિવાસીઓનું શોષણ થતું અટકાવવા તથા આદિવાસીઓ પણ ખેત ઉત્પાદનમાં સ્વાવલંબી બને તે માટે અને ખેતઉત્પાદનમાં વધારો થાય તે માટે આદિ જાતિની ખેતીની જમીનમાં તેઓને ચોક્કસ હકો મળે અને તેણે કરેલી મહેનતનું તેને ફળ મળે તેમજ તેઓની જમીન પરત્વે પૂરતું રક્ષણ મળે તેમજ તે બાબત ખેતીની જમીન ઉપર રાજ્ય સરકારનો અંકુશ યા નિયંત્રણ રહી શકે તેવા આશયથી સરકારે ક્રાંતીકારી કહી શકાય એવી જોગવાઈઓ મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ -૧૮૭૯ યાને ધી બોમ્બે લેન્ડ રેવન્યુ કોડમાં કરવામાં આવી.

આદિવાસી કબજેદારોએ ધારણ કરેલી જમીનોને બિનઆદિવાસી ઈસમો કે સંપન્ન આદિવાસી ઈસમો લોભ-લાલચ અને દમદાટી આપી સહેલાઈથી જમીનો પડાવી ન લે તે હેતુસર જમીન મહેસુલ કાયદાની કલમ -૭૩-એએ અન્વયે આવી જમીનોની તબદીલ પર કાયદાકીય નિયંત્રણ લાદવામાં આવેલ છે. આદિવાસી કબજેદાર કયા સંજોગોમાં કયા હેતુ માટે આવી જમીનોની તબદીલ કરી શકે તે માટે જમીન મહેસુલ નિયમોના નિયમ-૫૭ (એએલ)માં જોગવાઈ કરવામાં આવેલ છે.

જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ની કલમ-૭૩-એ, ૭૩-એએ, ૭૩-એબી(એસી), ૭૩-એડીની જોગવાઈઓ આદિવાસીની ખેતીની જમીન તેમજ બિનખેતીની જમીન એમ બંને પ્રકારની જમીનોને લાગુ પડે છે. જેથી આદિવાસીઓએ ધારણ કરેલ ખેતી તેમજ બિનખેતીની જમીનની તબદીલ માટે પ્રથમ કલેકટરની પૂર્વ મંજૂરી મેળવવાની રહે છે. આદિવાસી રહેણાંક જગ્યા પર બિનઆદિવાસીને પરવાનગી વિના તબદીલ થઈ શકે નહીં. તે મુજબનો સિદ્ધાંત નામદાર હાઈકોર્ટ દ્વારા સવિતાબેન તે ઈશ્વરભાઈ મંગાભાઈ રાઠોડની વિધવા વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને બીજા ૩ સ્પેશીયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૫૭૦૦/૨૦૧૩ના કામે તા. ૧૭-૦૩-૨૦૧૬ના રોજ આખરી હુકમ કરી પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. (લેન્ડ લોઝ જજમેન્ટ્સ (LLJ), વોલ્યુમ-૧, ઈશ્યુ-૬, જૂન-૨૦૧૬, પાના નં. (૪૯૧) આ કેસની ટુંકમાં હકીકત નીચે મુજબ છે.

અરજદારે ડેપ્યુટી કલેકટર, બારડોલી દ્વારા અપીલ નં. ૩/૨૦૦૯ના કામે અપાયેલ તા. ૧૬-૦૬-૨૦૧૦ના રદજ ત્રણ હુકમો નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પડકાર્યા છે, કે જે વડે ડેપ્યુટી કલેકટરે ઠરાવેલ છે કે, અરજદાર કે જેઓ અનુસૂચિત જાતિમાં આવે છે. તેઓએ મુંબઈ જમીન મહેસૂલ સંહિતા-૧૯૭૯(જેને હવે પછી ટુંકમાં 'સંહિતા' તરીકે સંબોધવામાં આવેલ છે)ની કલમ ૭૩(કક)(૧)નો ભંગ કર્યો છે અને તેઓએ હુકમ કર્યો છે કે પ્રશ્નવાળી જમીન કે જે અરજદારના પતિ આદિવાસી જાતિના હોઈ તેમને આપવામાં આવી હતી. તે તમામ બોજારહિત રાજ્ય સરકાર નિહિત થશે. તે ઉપરાંત તેઓએ જિલ્લા કલેકટર, સુરત દ્વારા અપીલ નં. ૧/૨૦૧૧ના કામે અપાયેલ તા. ૧૮-૦૬-૨૦૧૧ના રોજના હુકમને પણ તેમજ ફેરતપાસ અરજી નં. ૭/૨૦૧૧ના કામે સચિવ, મહેસૂલ વિભાગ દ્વારા અપાયેલ તા. ૨૪-૦૫-૨૦૧૩ના રોજના હુકમને પણ પડકારેલ છે કે જે વડે એપેલેટ સત્તાવાળા તેમજ ફેરતપાસ સત્તાવાળા ડેપ્યુટી કલેકટર દ્વારા પસાર કરી હુકમને બહાલી આપેલ છે.

આ કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ એવા તારણ ઉપર આવેલ કે અધિનિયમની પેટા કલમ (૪) હેઠળ કોઈ ખાતું રાજ્ય સરકારમાં નિહિત થાય અને નામે કરી આપનાર આદિવાસી તે ખાતું નામે કરી આપ્યા તારીખની તરત જ પહેલાં ખેતીના હેતુમાં માટે એવું ખાતું આકરવામાં કે ધરાવવામાં આવ્યું હોય ત્યારે કલેકટર કલમો ૭૯(ક) અને ૨૦૨ હેઠળ જરૂરી પગલાં લીધા પછી યથા પ્રસંગે નામે કરી આપનાર અથવા તેના હિત-ઉત્તરાધિકારીને નોટીસ આપશે અને તેમાં તેને એમ ફરમાવેશ કે આવી નોટીસ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર તેણે લેખિતમાં જાણ કરવી કે તે ખાતું ખરીદવા અને તેની જાતે ખેતી કરવા ખુશી છે કે કેમ અને એવી રીતે નામે કરી આપનાર આદિવાસી અથવા તેના હિત-ઉત્તરાધિકારી ખાતુ ખરીદવા માટે સંમત થાય અને તેની જાતે ખેતી કરવાનું માથે લે તો ઠરાવેલ ખાતાની કિંમત આપવામાં આવ્યે તે તેને આપી શકાશે.

તેમજ નેવું દિવસની સદરહું મુદતની અંદર નામે કરી આપનાર અથવા તેના હિત-ઉત્તરાધિકારી ખાતુ ખરીદવા અને તેની જાતે ખેતી કરવા માટે પોતે ખુશી હોવાની જાણ કરે અથવા કલેકટર નિર્દિષ્ટ કરે તેવી મુદતની અંદર ખાતાની કિંમત ન આપે તો તે જ ગામમાં અથવા તે ગામમાં ઠરાવવામાં આવે તેવી ખાતાની કિંમત અને તેવી શરતોને આધીન રહીને ઠરાવવામાં આવે તે અગ્રતાક્રમમાં અન્ય વર્ગની વ્યક્તિઓને તે આપવામાં આવશે.

વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ એવા તારણ ઉપર આવેલ, કે પેટા-કલમ(૧)નું ઉલ્લંઘન કરીને કોઈ ખાતું બિનઆદિવાસીને નામે કરી આપ્યું હોય ત્યારે એવો બિનઆદિવાસી જેને તે આધીન હોય તેવી અન્ય કોઈ જવાબદારીને બાધ આવ્યા વિના ખાતાની કિંમતથી ત્રણ ગણી કિંમત કરતા વધુ ન હોય તેટલો દંડ રાજ્ય સરકારને ભરવા જવાબદાર રહેશે. એવા દંડ અને કિંમતનો નિર્ણય કલેકટર કરશે અને એવો નિર્ણય આખરી રહેશે.

પરંતુ એવો કોઈ દંડ નાખતા પહેલાં બિનઆદિવાસીઓને સુનાવણીની વ્યાજબી તક આપવી જોઈશે. પેટા કલમ(૭) હેઠળ ભરવાનો દંડ કલેકટરે નિર્દિષ્ટ કરેલ સમયમાં ભરવામાં ન આવે તો તે જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાશે. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ એવા તારણ ઉપર આવેલ કે, હાલના કેસમાં તે રહેણાંક જગ્યાઓ હતી કે જે એક બિનઆદિવાસી વ્યક્તીને તબદીલ કરવામાં આવેલ છે. અન્યથા પણ એક વ્યક્તિ તેના પોતાના જ ખોટા કૃત્ય બદલ કોઈ દાદ મેળવવા માટે હકદાર નથી તેથી નામદાર હાઈકોર્ટે અરજદારની અરજી રદ જાહેર કરેલ.

ઉપરોક્ત કેસ ઉપરથી સ્પષ્ટ થાય છે કે જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ની કલમ ૭૩-એ, ૭૩-એએ, ૭૩-એબી(એસી), ૭૩-એડીની જોગવાઈઓ આદિવાસીઓની ખેતીની જમીન તેમજ બિન ખેતીની જમીન એમ બંને પ્રકારની જમીનોને લાગુ પડે છે. જેથી આદિવાસીઓએ રહેણાંક જગ્યા પણ બિનઆદિવાસીને પરવાનગી વિના તબદીલ થઈ શકે નહીં.(સંદર્ભ : લેન્ડ લોઝ જજમેન્ટસ (LLJ) વોલ્યુમ - ૧૪ જૂન-૨૦૧૬, પાના નં. ૪૯૧)

## લવાજમ તથા છૂટક નકલ મેળવવા માટે સંપર્ક કરો

બ્યુરોચીફ : અશોકભાઈ પાંડર મો. ૯૪૨૮૪ ૧૦૪૩૦

★ "અરવલ્લી જનજીવન" સાપ્તાહિકનું વાર્ષિક લવાજમ ફક્ત રૂા. ૨૦૦/- અને આજીવન સભ્ય ફી રૂ. ૨૦૦૦/- ભરી આપ ઘરે બેઠા સાપ્તાહિકની નકલ મંગાવી શકો છો.

★ જે વાચક મિત્રોએ વાર્ષિક લવાજમ ભરેલ હોય અને જેનું એક વર્ષ પૂર્ણ થતું હોય તેઓએ તાત્કાલિક વાર્ષિક લવાજમ ભરી દેવું. જે વાચકમિત્રોને લવાજમ ભરવું હોય તેઓએ "અરવલ્લી જનજીવન"ના નામનો ચેક અથવા ડ્રાફ્ટ કાર્યાલયના સરનામે મોકલાવી આપવાનો રહેશે.

| | | |
|---|---|---|
| (૧) લાલાભાઈ | પોશીના | ૮૧૨૮૧ ૬૪૦૯૭ |
| (૨) રાજેશભાઈ | દાંતા | ૯૯૯૮૧ ૦૪૧૯૦ |
| (૩) દિપક ડાભી | ઈકબાલગઢ | ૯૮૯૮૯ ૬૭૬૮૦ |
| (૪) રામજીભાઈ | ખેડબ્રહ્મા | ૯૭૨૫૧ ૭૫૮૬૩ |
| (૫) ચામુંડા ઝેરોક્ષ | વિજયનગર | ૯૪૨૯૪ ૬૨૨૫૪ |
| (૬) નાગજીભાઈ ભીલ | પાટણ | ૯૭૨૬૭ ૧૮૬૨૧ |
| (૭) બાબુભાઈ | પાલનપુર | ૯૪૨૬૫ ૧૪૩૩૬ |
| (૮) રમેશભાઈ | ખેરગામ | ૯૪૨૬૮ ૪૬૪૪૦ |
| (૯) વસંતભાઈ રાઠવા | વડોદરા | ૯૭૧૪૨ ૬૪૦૮૧ |
| (૧૦) પ્રવિણભાઈ | મહિસાગર | ૯૫૧૨૮ ૭૨૩૯૨ |
| (૧૧) A/c કાલુભાઈ | કતવારા (દાહોદ) | ૯૫૮૬૬ ૦૦૩૧૦ |
| (૧૨) ગામીત રાજેશ | વ્યારા | ૯૯૨૫૩ ૬૧૯૭૫ |
| (૧૩) ધનંજય | મોડાસા | ૮૪૯૦૯ ૯૯૩૦૭ |
| (૧૪) A/c હરસિંગભાઈ | જાલત (દાહોદ) | ૭૮૭૪૪ ૭૭૯૪૧ |
| (૧૫) A/c ભાવસિંગભાઈ | જેસાવાડા(દાહોદ) | ૯૭૨૬૪ ૬૬૯૬૩ |
| (૧૬) A/c અંબાલાલ | મહારાષ્ટ્ર | ૯૮૨૨૨ ૭૪૯૮૮ |
| (૧૭) ડો. એલ.જી.કટારા | ભિલોડા | ૯૪૨૭૬ ૯૪૫૫૦ |
| (૧૮) A/c સતીષભાઈ | વડોદરા | ૮૧૬૦૫ ૦૬૭૫૭ |
| (૧૯) ચુનિલાલ પાંડવ | વિજયનગર | ૯૯૧૩૮ ૪૭૯૦૯ |
| (૨૦) જગદીશભાઈ | ખેડબ્રહ્મા | ૯૪૨૭૦ ૩૮૮૭૪ |
| (૨૧) A/c ઠાકોરભાઈ | ભરૂચ જિલ્લો | ૯૪૨૯૩ ૩૮૪૭૨ |
| (૨૨) વિજય મછાર | દાહોદ જિલ્લો | ૭૮૭૪૨ ૬૧૩૦૮ |
| (૨૩) સવજીભાઈ | મહેસાણા જિ. | ૯૭૨૬૬ ૦૯૮૬૮ |
| (૨૪) A/c સબુરભાઈ | માતવા (દાહોદ) | ૯૫૮૬૫ ૪૦૫૨૯ |
| (૨૫) A/c દશરથભાઈ | ઉદેપુર(રાજ.) | ૯૫૪૯૪ ૯૪૬૪૮ |
| (૨૬) મુકેશ પટેલ | વાપી | ૮૫૩૦૫ ૫૮૮૭૭ |
| (૨૭) A/c શંકરભાઈ | ઉદેપુર(રાજ.) | ૯૯૫૦૮ ૭૬૭૩૪ |
| (૨૮) કલ્પેશ પટેલ | વલસાડ | ૯૯૨૫૫ ૧૮૨૫૪ |
| (૨૯) ઓમપ્રકાશભાઈ | ભૂજ | ૯૮૨૫૦ ૭૦૫૧૭ |
| (૩૦) દિલીપ જે. ડગલા | ઝાલાવાડ | ૯૩૭૫૨ ૬૯૯૫૦ |
| (૩૧) શંકરભાઈ | ગાંધીનગર | ૯૯૭૮૫ ૮૭૧૨૭ |
| (૩૨) હિતેશભાઈ | ચિઠોડા | ૭૫૭૪૦ ૭૬૫૧૧ |
| (૩૩) A/c જમસુભાઈ | કપરાડા | ૯૭૧૪૭ ૨૨૧૫૯ |
| (૩૪) A/c સુરેશ ડામોર | વિરપુર | ૯૭૨૬૫ ૧૨૯૩૭ |
| (૩૫) રવજીભાઈ પાંડોર | ધોલવાણી-વિજયનગર | ૯૪૨૭૦ ૫૮૦૪૨ |
| (૩૬) પ્રો. નટુભાઈ ગામિત | નવસારી | ૭૮૭૮૩ ૩૦૨૦૦ |
| (૩૭) સમીરભાઈ ડામોર | ઓઠ-ભિલોડા | ૯૦૯૯૫ ૯૫૧૪૩ |
| (૩૮) પ્રકાશ માજીરાણા | કપડવંજ | ૮૭૩૪૮ ૭૨૬૮૧ |
| (૩૯) સંજય શર્મા | મોડાસા | ૯૭૨૫૪ ૭૦૮૮૫ |

હેલ્પ લાઈન : મોબાઈલ : ૯૮૨૫૫ ૮૬૨૦૭
વોટ્સઅપ : મોબાઈલ : ૯૮૨૫૫ ૮૬૨૦૭

# ગૂજરાત વિદ્યાપીઠનો આદિવાસી સેવકો, અધ્યાપકો તથા સમગ્ર સમાજ પ્રત્યેનો અભિગમ

TRIT ગૂજરાત વિદ્યાપીઠમાં વર્ષ ૧૯૬૨થી ચાલે છે. આજ દિન સુધી એકપણ એસ.ટી. અધિકારી અનામત કેટગરીથી ભરેલ નથી. એક એસ.ટી. અધિકારી ડો. સિદ્ધરાજ સોલંકી હતા (બિન અનામત કેટેગરીથી આવેલ) તેઓને વિદ્યાપીઠ સત્તાવાળાઓએ ભૂતકાળમાં ખૂબ જ હેરાન કરેલા, તેમની અંગત ફાઈલ જોવાથી ખ્યાલ આવશે.

ગૂજરાત વિદ્યાપીઠમાં કામ કરતાં એસ.ટી. અધ્યાપકોની સ્થિતિ દયાજનક, કેટલાક છોડીને જતા રહ્યા તો કેટલાક વિદ્યાપીઠ સત્તાવાળાઓથી ત્રસ્ત છતાં કામ કરે છે. વર્ષ ૨૦૦૬થી આ બાબતે ગુજરાત આદિવાસી અધ્યાપક મંડળ દ્વારા રજૂઆત થયેલ છે. આ અંગે આદિવાસી અધ્યાપક મંડળે NST (નેશનલ શિડયુલ્ડ ટ્રાઈબ્સ કમિશન)ને સમયાંતરે રજૂઆતો કરેલ પરંતુ વિદ્યાપીઠ સત્તાવાળાઓ દિલ્લી જઈને બધુ સરખુ કરી આવે છે. **(પરિશિષ્ટ -૧ સામેલ છે.)**

આ બાબત ડો. રાજેન્દ્ર ખીમાણી, રજીસ્ટ્રાર ગૂજરાત વિદ્યાપીઠના હતા તે સમયગાળામાં થયેલ છે. NSTમાં આદિવાસી અધ્યાપક મંડળની રજૂઆતો વિરુદ્ધ કરેલ જવાબોમાં શ્રી ખીમાણીએ એક કમિટી બનાવેલ જેમાં આદિવાસી નેતા અમરસિંહ ઝેડ. ચૌધરી સભ્ય હતા તે સમિતિના માધ્યમથી આદિવાસી અધ્યાપકો/ સેવકોને દબાવી દીધેલ.

TRITના વર્ષ ૨૦૦૧માં વિવિધ જગ્યાઓ માટે જાહેરાત આપેલ તેમાં નાયબ નિયામકની જગ્યા માટે દેવચંદ વહાનિયાએ અરજી કરેલ. ઈન્ટર્વ્યુ આપેલ. પસંદગી પામવાની શકયતા વધી જતા સંશોધન મદદનીશ તરીકે ઓર્ડર આપ્યો, પરંતુ નાયબ નિયામકમાં પસંદ ન કર્યા. (લાયકાત, અનુભવ હોવા છતાં) પછી આ બાબતે જાહેર થવાની બીકે વિદ્યાપીઠ સત્તાવાળઓએ નાયબ નિયામકની જગ્યા ન ભરી તે આજ દિન સુધી વર્ષ ૨૦૨૦ સુધી ન ભરી તથા TRITની વર્ગ-૧ કક્ષાની બધી જ જગ્યાઓ છેલ્લા ૧૦ વર્ષથી ખાલી, પ્રમોશન કરતા નથી, તેમના માણસોના TRITમાં પ્રમોશન કરી લીધા હવે પ્રમોશન બંધ કરેલ છે. તેવું જણાવે છે. પરંતુ ૧૯૯૬, ૧૯૯૮ સુધી TRITમાં પ્રમોશન કર્યા.

વર્ષ ૨૦૦૮માં પણ TRITમાં વર્ગ-૧ કક્ષાની જગ્યાઓની જાહેરાત પાડી પરંતુ ભરતી ન કરી કારણ કે તેમના અંગત ન આવી શકયા એટલે જાહેરાત રદ કરી( **શ્રી ખીમાણી રજીસ્ટ્રારના)**

વર્ષ ૨૦૧૩માં TRITમાં સંશોધન મદદનીશ વર્ગ-૩ની જગ્યઓની ભરતી કરી, આ ભરતીની પ્રક્રિયાની તપાસ **કમિશ્નર (આ.વિ.) દ્વારા નિયુક્ત તપાસ સમિતિ દ્વારા તપાસ કરતા આ ભરતી બોગસ, બિનકાયદેસર સાબિત થયેલ છે.** છતાં આ ચાર(૪) સેવકોને કાયમી ઓર્ડર હાલમાં જ આપેલ(પાંચ વર્ષ પછી રેગ્યુલર કરી દીધા) આ બાબતે નામદાર હાઈકોર્ટમાં કેસ ચાલુ છે તથા તકેદારી આયોગ ગુજરાત રાજ્ય દ્વારા કેસ ચાલુ છે અને આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા પણ તેની આગળની કાર્યવાહી ચાલુ છે. આટલી ચાલુ પ્રક્રિયા હોવા છતાં વિદ્યાપીઠ સત્તાવાળઓએ આ ચાર સેવકોને સરકારની મંજૂરી કે સંમતિ લીધા વીના હાલમાં રેગ્યુલર કરી દીધા કારણ કે ચારેય સૌરાષ્ટ્રના તેમના મળતિયા છે.

વર્ષ ૨૦૧૬માં TRIT વર્ગ-૧ની જગ્યાઓ ભરવા ભરતી પ્રક્રિયા કરેલ તેમાં પણ મળતીયાઓને લેવા પ્રયાસ કરતા ગુજરાત આદિવાસી અધ્યાપક મંડળ દ્વારા સરકારમાં રજૂઆત કરતા તાત્કાલિક બંધ કરાવેલ, આદિજાતિ વિકાસ વિભાગના પત્ર ક્રમાંક : TRIT/૨૦૧૬/૧૧૦/ખ, એપ્રિલ-૨૦૧૬ના પત્રથી આ ભરતી પ્રક્રિયા તાત્કાલિક અટકાવેલ.

TRITમાં દેવચંદ વહોનિયા વર્ષ ૨૦૦૨ની નાયબ નિયામકની જગ્યાઓ લાયકાત, અનુભવ ધરાવતા હોવા છતાં ૧૮ વર્ષ સુધી પ્રમોશન નથી કરતા હાલમાં TRITની વર્ગ-૧કક્ષાની બધી જ જગ્યાઓ ખાલી નિયામકની જગ્યા પર ચાર(૪) વર્ષથી ખાલી છતાં દેવચંદ વહોનિયાનું પ્રમોશન નથી કરતાં.

દેવચંદ વહોનીયાના પ્રમોશન માટે કમિશ્નર(આ.વિ.)ની ભલામણ આધારે આદિજાતિ વિકાસ વિભાગના પત્ર ક્રમાંક : TRIT૧૦-૨૦૧૯/૬૨૧/ખ, તા. ૨૩-૧૦-૨૦૧૯નો પત્ર દ્વારા દેવચંદ વહોનિયાના પ્રમોશન માટે સંમતિ મળેલ હોવા છતાં હજી પ્રમોશન કરતા નથી.

**ડો. રાજેન્દ્ર ખીમાણી છેલ્લાં દોઢ વર્ષથી TRITના ઈનચાર્જ નિયામક છે.** તો **પણ સરકાર સ્તરની કોઈ જ બેઠકમાં (વિભાગ-કમિશ્નર-આ.વિ.)** આવતા નથી. દેવચંદ વહોનિયા બેઠકમાં હાજર રહે છે તો **બેઠકમાં થયેલ ચર્ચા મુજબ કામ કરવા દેતા નથી.** તેઓ દેવચંદ વહોનિયાને માનસિક રીતે ખૂબ જ હેરાન, પરેશાન કરે છે.

વર્ષ-૨૦૧૯-૨૦માં TRIT દ્વારા થયેલ કાર્યક્રમો(વનોષધિ મેળો, ક્રાફટ મેળો, ઊંઝા મેળો) આ

(અનુસંધાન પાના નં.-૨ ઉપર )

 ISSN-2454-9622 Dt. 11-08-2020, Tuesday

# આદિવાસી સમુદાયની માન્યતાઓ

લે. શ્રી ચુનીલાલ એમ. પાંડવ
સામાજિક કાર્યકર

ભારત દેશ અનેક સમુદાયોથી બનેલો દેશ છે. જેમાં આપણે વિવિધ સંસ્કૃતિઓ જોઈ શકીએ છીએ. આ બધા સમુદાયમાં આદિવાસી સમુદાય ભારત દેશનો અતિ પ્રાચીન સૌથી જૂનો સમાજ છે. જેને ભારતની મૂળભૂત અને અસલી સંસ્કૃતિ તરીકે ઓળખાવી શકાય. આદિવાસી ભારત મૂળનિવાસી છે. આદિવાસી માટે અંગ્રેજી શબ્દ Tribe વપરાય છે. જેને સમાજશાસ્ત્રની ભાષામાં આદિજાતિ, આદિમજૂથ તરીકે પણ ઓળખવામાં આવે છે. ડો. એલ્વિન કહે છે કે ભારતના આદિવાસી જ ખરા અર્થમાં સાચા સ્વદેશી આદિવાસી પ્રજા છે. ભૂતકાળમાં આદિવાસીઓને રાક્ષસ, દસ્યુ, અસુર ગણાવ્યા હતા. આદિવાસી પ્રજા ભોળી, શાંત, નિખાલસ, ચારિત્ર્યવાન અને સાત્વિક મનના છે.

આદિવાસીની વ્યાખ્યા સામાન્ય રીતે જંગલો, પર્વતો, નદીઓ, ખીણમાં, પર્વતની તળેટીમાં રહેતા મૂળનિવાસીને આદિવાસી તરીકે ઓળખવામાં આવે છે. અતિપછાત ગણાતા સમૂહ માટે Aboriginals or Primitive શબ્દો વપરાય છે. આદિવાસીનો અર્થ-વ્યાખ્યા : આદિવાસી એટલે કે આદિ-જૂનો, પ્રાચીન. વાસી-રહેનાર અથવા નિવાસી એટલે કે મૂળનિવાસી થાય.

સંયુક્ત રાષ્ટ્રસંઘની આદિવાસી વ્યાખ્યા મુજબ કોઈ પણ દેશમાં બીજા લોકો આવ્યા ત્યારે ત્યાં રહેતા તે શરૂઆતના લોકો.

આનો અર્થ એવો થાય છે કે કોઈપણ આંતરરાષ્ટ્રીય સ્તરે મૂળનિવાસીઓ માટે અંગ્રેજીમાં 'ઈન્ડિજીન્સ પીપલ' એવો શબ્દ વાપરવામાં આવેલ છે. કાકા કાલેલકર આદિવાસીઓને ગિરીજનો કે ભૂમિજનો તરીકે ઓળખાવે છે.

ડો. હટ્ટન તેમને આદિમ જાતિ તરીકે ઓળખાવે છે ભારતીય બંધારણમાં તેઓને અનુસૂચિત જાતિ SheduledTribe તરીકે ઓળખાવામાં આવે છે. ભારતમાં ૭૦૦ જેટલા આદિવાસી સમૂહો છે. ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ ભારતમાં આદિવાસીની વસતિ ૧૦.૪૩ કરોડ છે જે કુલ વસતિના ૮.૬ ટકા જેટલી છે ગુજરાતમાં આદિવાસીની વસતિ ૮૯ લાખ અને ૨૯ સમૂહો છે અને ૧૪.૮ ટકા જેટલી છે.

આદિવાસીઓ તહેવાર, લગ્ન, સગાઈ, મરણ જેવા પ્રસંગોમાં પોતાની અલગ પરંપરા અને માન્યતાઓ સમાયેલી છે. ભારત દેશમાં ૭૦૦ અલગ અલગ સમૂહોઓમાં આવેલી છે. અસલ સમૂહોઓનો અભ્યાસ અને લખાણ લખવા બેસીએ તો એક હજાર પાના પણ ઓછા પડે. અહીં આપણે આદિવાસી ડુંગરી ગરાસિયાની અલગ અલગ માન્યતાઓ વિશે ચર્ચા કરીશું. ડુંગરી ગરાસિયાઓની વસતિ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકાઓમાં સવિશેષ છે.

આદિવાસી ડુંગરી ગરાસિયા સમૂહમાં અનેક માન્યતાઓ પોતાના બાપ-દાદાઓ, વડવાઓ પ્રચલિત છે. જેવી કે ડાકણ કાઢવાની, દાણા, કાળો દોરો મંતરવો, મૂઠ મારવાની, ડાકલા કૂટવાના, વરસાદ ન આવે તો બકરાનો બલિ આપવાની, ઝાડા-ઊલટીમાં ફળ-પાંદડાનો ઉપયોગ, શુકન-અપશુકન, પુનઃજન્મમાં વિશ્વાસ વગેરે જેવા અંધશ્રદ્ધા, વહેમ, ગૂઢ પારલૌકિક માન્યાતો લખાયેલી જોવા મળે છે. જે નીચે મુજબ વર્ણવી શકાય.

(અ) પ્રકૃતિમાં ફેરફાર થાય ત્યારે : (૧) જાંબુ, બોર, વડના ટેટા, પીપળા ફળ, લીમડાંની લીંબોડી જો ખૂબ જ વધુ પ્રમાણમાં થાય તો આવના વર્ષ અતિ સુંદર અને સુખમય નિવડશે એવું પૂર્વાનુંમાન કરવામાં આવે છે. આવા ફળોની અછત અશુભ-સારુ વર્ષ ન થાય તેવી માન્યતા કરવામાં આવે છે. (૨) ઝાડ ઉપર કુંપળો ફૂટે પણ ફૂલો ન આવે તો અશુભ થશે વર્ષ સારુ ન આવે. વડની વડવાઈઓ પણ વધારે પ્રમાણમાં કૂંપળો ફૂટી હશે તો શુભ સંકેત. આ વર્ષે સારો વરસાદ પડશે અને વર્ષ સારું જશે એવી માન્યતામાં માને છે. (૩) કોઈપણ વૃક્ષ કે વનસ્પતિ પર અકાળે ફૂલ કે ફળ આવે તો દુષ્કાળ પડશે એવી માન્યતા સેવાડી. ખીજડાની સિંગો વધુ પ્રમાણમાં આવે તો દુષ્કાળની ભીતિ સેવાતી. કાંટાના થોર પર નવી કૂંપળો પાન વગર થઈ ગયેલા, ખાખરા પર કેસૂડા વધુ પ્રમાણમાં જોવા મળે તો આવનાર વર્ષ ખુબ જ સારુ જશે અને સારો વરસાદ થશે એવી માન્યતા માને છે.(૪) ચંદ્ર અને સૂર્યની આસપાસ લાલાશ-રતાશ પડતું કુંડાળું સર્જાય તો વરસાદ ખૂબ જ નજીકના સમયમાં થશે એવી માન્યતા થતી જ્યારે ખૂબ જ નજીકના સમયમાં થશે એવી માન્યતા થતી. જ્યારે સૂર્યની ફરતે સફેદ પડતું કુંડાળુ ઉત્તમ માનવામાં આવતું પરંતુ ચંદ્રને લાલાશ પડતું અને સૂર્યને સફેદ પડતું કુંડાળુ હોય તો વર્ષાદ નહિવત પડશે એવી માન્યતા કરવામાં આવે છે. (૫) કરમદા, કેરી, ગુંદા જેવા ફળો વધારે પ્રમાણમાં થાય તો આગામી વર્ષાને એવા સંકેત માનવામાં આવે છે કે કીડી, મંકોડા, અન્ય જીવજંતુઓ જમીનની બહાર મોટા પ્રમાણમાં બહાર નીકળે. આંકડા પર લીલા તીતી ઘોડા દેખાય, ચકલીઓ ધૂળમાં પાંખો ફફડાવે, ટીટોડી નદીના ઊંચાણવાળા ઊંચા ટેકરા પર અથવા નદીથી ખૂબ દૂર ઊંચી જગ્યાએ ઈંડા મૂકે તો વરસાદ સારો પડશે. નદીમાં પૂર આવશે એવી માન્યતા કરવામાં આવે છે. (૬) ચોમાસાની સિઝન ચાલુ થઈ જાય, એકાદ વરસાદ વરસ્યા પછી બીજો વરસાદ ના આવે ને પાક સૂકવવા લાગે, વરસાદ લંબાઈ જાય ત્યારે ડુંગરી ગરાસિયા આદિવાસી લોકો ચિંતામાં ગરકાવ થઈ જાય અને બધા ભેગા મળીને ભોપા, વોણને બોલાવે અને ભોપની સૂચનાથી બકરાનો બલી કુળદેવી ને ચડાવવામાં આવે. બકરાની બલી આપી રીઝવવામાં આવે. મંત્ર-તંત્ર કરવામાં આવે જેથી માતાજી પ્રસન્ન થાય અને વરસાદ લાવે. આદિધિને બદમણું કહેવામાં આવે છે માતાજી પ્રસન્ન થાય તો જ વરસાદ સારો આવે એવી માન્યતા વર્ષો જૂની છે.

વધુ આવતા અંકે....

# સફળતાની સીડી

નિખિલ બી. પાંડવ
(એમ.એ., એમ.એડ.)

સફળતા એ આપણા જીવન સાથે સંકળાયેલ બહુ જ મહત્ત્વની બાબત છે. સફળ થવું કોને ન ગમે ? આજના સ્પર્ધાત્મક યુગમાં દરેક વ્યક્તિ પોતાને ત્વરિત સફળતા મળે તેવું ઈચ્છે છે. પરંતુ મિત્રો, સફળતા માટે કોઈ શોર્ટકટ નથી. સફળતા એ રાતોરાત મળી જતો ચમત્કાર નથી. સફળતા માટે જરૂરી છે આયોજનબદ્ધ સપ્ન અને સતત મહેનત. આપણે કોઈ પણ લક્ષ્ય નક્કી કરતા પહેલા આપણી જાતનું SWOT વિશ્લેષણ કરવું જરૂરી છે.

| | | |
|---|---|---|
| S | Strengh | તાકાત / શક્તિ |
| W | Weakness | નબળાઈ |
| O | Opportunity | તક |
| T | Threat | ધમકી, ભય-પડકાર |

ત્યારબાદ આપણે આપણું લક્ષ્ય નક્કી કરવું જોઈએ અને તેને સિદ્ધ કરવા સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. સમય અને સંજોગો વિપરીત આવે તો પણ આપણું લક્ષ્ય બદલાવું જોઈએ નહિ. અર્જુનને જવેમ પંખીની આંખ દેખાતી હતી તેમ આપણે આપણું લક્ષ્ય દેખાવું જોઈએ.

સફળતા માટે બીજું મહત્ત્વનું પાસું છે મન પર અંકુશ. આપણું મન ચંચળ છે આપણાં મન પર જેટલો અંકુશ વધારે હશે તેટલા પ્રમાણમાં સફળતા આપણી નજીક હશે.

**કદમ અસ્થિર હોય તેને**
**કદી રસ્તો નથી જડતો,**
**અડગ મનના**
**મુસાફરોને હિમાલય**
**પણ નથી નડતો**

સફળતા માટે આપણે આપણી જાતને શારીરિક અને માનસિક બંને દષ્ટિએ સજ્જ રાખવાની જરૂર છે. આપણી જાતને મજબૂત બનાવવાનું છે. આપણું દરેક કાર્ય અદમ્ય, ઉત્સાહ, આત્મવિશ્વાસ, હિંમત અને ધૈર્યથી થવું જોઈએ.

**ખુદા કો કર બુલંદ**
**ઈતના કિ હર તકદીર સે**
**પહેલે,**
**ખુદા બંદે સે પૂછે કિ**
**બતા તેરી રઝા કયા હૈ.**

Time is Precious સમય બહુ જ કિંમતી છે. આપણી સફળતામાં સમય ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. આપણા દરેક કાર્યને ચોક્કસ સમયગાળામાં વિભાજીત કરીએ અને તે ચોક્કસ સમયગાળામાં પૂર્ણ થાય તે બાબતનું ધ્યાન રાખીએ.

જિંદગીની સફળતાની બે ચાવી છે એક નિર્ણય શક્તિ અને બીજી આત્મવિશ્વાસ. તમારી જીંદગીનો મૂળ ધ્યેય શું છે ? તે નક્કી કરી લેવાનું છે. તે માટે નિર્ણય શક્તિ કામે લગાડવાની છે. સચોટ, ત્વરિત નિર્ણય લેતાં શીખવું પડશે. જો ભૂલથી પણ તમે ખોટો નિર્ણય લઈ લીધો કે લેવાઈ ગયો તો તમારા હાથમાં આવેલી બાજી કે મોં સુધી આવેલો કોળીયો એકદમ ઝૂંટવાઈ જશે.

માનવીના જીવનમાં જ્યાં લગી આત્મવિશ્વાસનું કિરણ ન પ્રગટે ત્યાં સુધી માનવી સફળતાને વરી શકતા નથી. આત્મવિશ્વાસ ભલભલા નિર્બળ માણસને પણ શિખરની ટોચ સુધી પહોંચાડી શકે છે.

આત્મવિશ્વાસ માનવીનું એક મહત્ત્વનું બળ કહી શકાય. ઈતિહાસની યાત્રામાં જગતને જીતવાના કોડ સેવનાર નેપોલિયન બોનાપાર્ટ સાક્ષાત આત્મવિશ્વાસનો પર્યાય હતો.

**'' ધ્યેય માટે આત્મવિશ્વાસ**
**જગાવો, નિર્ણયનો 'દીપ'**
**પણ તમે પ્રગટાવો.''**


સફળતા સાથે સંકળાયેલ બીજી મહત્ત્વની બાબત છે નિષ્ફળતા. નિષ્ફળતા અને સફળતા બને એક સિક્કાની બે બાજુ છે. નિષ્ફળતા અને. નિરાશાથી આપણે હતાશા અનુભવીએ છીએ. પરંતુ નિરાશા અને નિષ્ફળતાથી હતાશ કે નાસીપાસ થઈ જવાની જરૂર નથી. નિષ્ફળતા એ જ સફળતાની ચાવી છે. દરિયામાં કમોસમી તોફાન આવી ચડે તેમ જીવનમાં અણધારી આંધી પણ ફૂંકાય એટલા ખાતર કંઈ સફર થોડી થંભાવી દેવાય ?

નિરાશા તો નજરતી ફકત ખામી છે અને પગની થકાવટ છે છે. જુઓ, મંઝિલ ઝળકતી સાવ સામી છે. ચલો કોની રૂકાવટ છે! જીવનના દરેક ક્ષેત્રોમાં સફળ થાઓ એવી શુભેચ્છા સહ....

# યુનિવર્સિટી અને કોલેજોના ૮૦ ટકા વિદ્યાર્થીઓને ઓનલાઈન એજ્યુકેશનમાં બિલકુલ રસ નથી

કોરોના મહામારીના કારણે હાલ કોલેજો શરૂ કરવામાં આવી નથી. કોરોના સંક્રમણ વચ્ચે વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને રાજ્યની જુદી જુદી યુનિવર્સિટી સાથે જોડાયેલી સરકારી, ગ્રાન્ટેડ કોલેજોમાં ઓનલાઈન એજ્યુકેશન આપવામાં આવી રહ્યું છે. આ સ્થિતિમાં સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ઓનલાઈન એજ્યુકેશન પર સર્વે કરતા ચોંકવનારા આંકડાઓ સામે આવ્યા છે. છેલ્લા મહિનાની આંકડાકીય માહિતી પ્રમાણે ઓનલાઈન એજ્યુકેશનમાં માત્ર ૨૦ ટકા વિદ્યાર્થીઓને જ રસ દાખવતા હોવાની વિગતો બહાર આવી રહી છે. રાજયમાં ૨૦મી જુલાઈથી ઓનલાઈન એજ્યુકેશનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. અનલોક-૩માં પણ કોલેજો શરૂ થશે કે કેમ તે મુદ્દે સરકાર દ્વારા હજી સુધી કોઈ સ્પષ્ટતા કરી નથી. યુનિવર્સિટીના પ્રોફેસરોના કહેવા પ્રમાણે રાજ્યની ટેકનિકલ યુનિવર્સિટીને બાદ કરીએ તો બાકી તમામ યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી કોલેજોમાં અંદાજે ચારથી પાંચ લાખ વિદ્યાર્થી અભ્યાસ કરે છે આ સ્થિતિમાં ઓનલાઈન એજ્યુકેશન લઈ રહેલા વિદ્યાર્થીઓના છેલ્લા મહિનાની આંકડાકીય માહિતી પ્રમાણે ૮૨,૧૯૭ વિદ્યાર્થીઓ ઓનલાઈન કલાસમાં અભ્યાસ કરવા રસ દાખવ્યો છે. આ પ્રમાણે ગણતરી કરાવમાં આવે તો માત્ર ૨૦ ટકા વિદ્યાર્થીઓએ પણ ઓનલાઈન એજ્યકેશનમાં રસ દાખવ્યો એવું પ્રતિત થાય છે.

# સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકામાં પત્રકાર સંગઠનની કરાઈ



જુદી જુદી સેનલો અને પેપરોના પત્રકારો સંગઠિત થઈ આજ રોજ તા.૨૬.૭.૨૦૨૦ રસના કરેલ. સંગઠનના પ્રમુખ જોશી વિજયભાઈ અને ઉપપ્રમુખ ગમાર લાલાભાઈને નીમવા આવેલ

# ગામમાં રામનું નહિ પણ સંવિધાનનું મંદિર બનાવો : છોટુભાઈ વસાવા



ગામમાં રામનું નહીં પરંતુ સંવિધાનનું મંદિર બનાવવું જોઈએ જેનાથી અધિકાર પ્રાપ્ત થશે તેવું ઝઘડિયાના ધારાસભ્યશ્રી છોટુભાઈ વસાવાએ જણાવ્યું હતું. દરેક ગામમાં કાલ્પનિક ભગવાન રામનું નહિ પણ સંવિધાનનું મંદિર(લાઈબ્રેરી) બનાવવાનું જણાવ્યું હતું. તેનાથી આપણા બંધારણીય અધિકારો શું છે તે જાણી શકાશે.

સંવિધાનના વિશાળ અધિકારોથી વંચિત રાખવા માટે ધર્મના ટેકેદારો દ્વારા મનુવાદી-બ્રાહ્મણવાદી લોકોએ ગામડે ગામડે ધર્મની પ્રચાર-પસાર કર્યો છે જેનાથી લોકો માનસિક ગુલામ બને પણ સંવિધાનનો પ્રચાર ન કર્યો. જેનાથી દરેક નાગરિકને જીવન જીવવાનો અધિકાર, સુખ-સુવિધાઓ, ન્યાય-હક્કનો અધિકાર પ્રાપ્ત થઈ શકે. મંદિર બનાવવાથી ભીખારીઓ પેદા થાય છે અને સંવિધાન બનાવવાથી લોકો આઈએએસ., આઈપીએસ., જજ, ડોકટર, વકીલ કે વૈજ્ઞાનિક બની શકે છે. બ્રાહ્મણવાદી શાસકોના મતે પછાત વર્ગને અભ્યાસથી વંચિત રાખવા માટે ધર્મના ઘેનમાં ઉંઘાડવા માંગે છે અને મોટા પાયે ધર્મના પ્રચાર કરીને ધંધે લગાડવામાં આવે છે. જે અભણ, અબુધ પ્રજા આ લોકોની ચાલાકીને સમજી શકતા અથી. તે લોકોને તો ખબર જ છે કે આ દેશની ૧૦૦ કરોડ જનતા તેમના માટે જ કમાણી કરે છે. એટલે બ્રાહ્મણો તમારા પૈસો તાગડધિન્ના કરે છે તમે કયાંય જોયું છે કે બ્રાહ્મણોના યાત્રા સંઘ નિકળ્યા છે ? તો શુદ્રો-પછાતો શું કામ હાલી નિકળ્યા છે ? બ્રાહ્મણોએ તેના પૂર્વજોએ તમારા ભગવાન બનાવી દીધા. બાપ તેનો તે ભલેને પૂજે તેમાં તમારે શું ? પણ તમે તમારા બાપને છોડીને બીજાના બાપને શું કામ બાપ બનાવવો છો? તમે તમારા બાપના પેટના રહોને ? આપણા પૂર્વજો બુદ્ધ, જ્યોતિબા ફૂલે, શાહુજી, બિરસામુંડા, બાબાસાહેબ આંબેડકર છે તેવું અંતમાં જણાવ્યું હતું.

# ચિઠોડાના બજારમાં શૌચાલયમાં સફાઈ ન કરાતા ભારે હાલાકી

વિજયનગર તાલુકાના ચિઠોડાના બજારમાં શૌચાલયમાં સફાઈ ન કરાતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ચિઠોડા બજારમાં છ માસ અગાઉ ગ્રામ પંચાયત દ્વારા ઊભુ કરવામાં આવેલ શૌચાલય ગંદકીથી ખદબદીને રોગચાળો ફેલાવે તેવી દહેશતના પગલે વેપારીઓએ ગંદકી દૂર કરવા માટે ગ્રામપંચાયતમાં અનેકવાર રજૂઆતો કરવા છતાં ગંદકી હટાવાતી નથી.

( અનુસંધાન પાના નં. ૧ નું ચાલુ )

# ગૂજરાત વિદ્યાપીઠનો આદિવાસી સેવકો, અધ્યાપકો તથા સમગ્ર સમાજ પ્રત્યેનો અભિગમ

તમામના બીલો શ્રી ખીમાણીએ આજ દિન સુધી રોકી રાખેલ છે. તમામ આદિવાસી કલા-કારીગરોના ભાડા તથા અન્ય તમામ બીલો હજી પાસ કરતા નથી, આદિવાસી વિસ્તારમાં TRIT પ્રત્યે ખરાબ મેસેજ.

શ્રી ખીમાણી સરકાર સાથે કામ કરવાના તદ્દન વિરોધી અભિગમ ધરાવે છે. માત્ર સરકાર પાસેથી ગ્રાંટ મેળવી લેવાના જ આગ્રહ રાખનાર છે.

TRITના મોટા-મોટા રિસર્ચ પ્રોજેકટો ગૂજરાત વિદ્યાપીઠના તેમના મળતીયા પ્રોફેસરો જેઓને આદિજાતિ વિસ્તાર કે લોકો સાથે કંઈજ લેવાદેવા જ નથી તેઓ દ્વારા કરાવે છે જે માત્ર નાણાં વેડફવા તથા નાણાં સગેવગે કરવાની જ મુખ્ય વાત છે.

TRITમાં સરકારના મળેલ અનુદાનનાં નાણા બચાવીને ગૂજરાત વિદ્યાપીઠ મંડળમાં જમા કરાવે છે. છેલ્લાં ૧૦ વર્ષના યુસી અને હિસાબો જોવાથી હકીકત ધ્યાનમાં આવી શકે છે.

આદિજાતિ વિકાસ વિભાગની, કમિશ્નર આ.વિ.ની મહત્ત્વની ટપાલો TRITના ઈન વર્ડ રજીસ્ટરમાં નોંધાતી નથી તે ગંભીર બાબત છે.

દા.ત. આદિ. વિ. વિભાગનો તા. ૨૩-૧૦-૨૦૧૯નો પત્ર (પ્રમોશન માટે) તથા આ.વિ.નો તા. ૦૬-૦૨-૨૦૨૦નાં કમિશ્નરને TRIT ચાર્જ આપતો પત્ર તથા કમિશ્નર(આ.વિ.)નો તા. ૦૩-૦૩-૨૦૨૦ના પત્ર તથા કમિશ્નર (આ.વિ.)નો તા. ૦૫-૦૩-૨૦૨૦ના પત્ર આ પત્રો TRIT ઈનવર્ડ રજીસ્ટરમાં નોંધાયેલ નથી.

**શ્રી ખીમાણી TRITનો ઈ-મેલ આઈડી અંગત રાખે** છે અને તેમના મળતીયા(૪, સંશોધન મદદનીશ)ઓ સિવાય કોઈને પણ કહેતા નથી.

છેલ્લાં ૧૦ વર્ષથી પ્રોજેકટ બેઈઝ પર **TRITમાં કામ કરતા આદિવાસી ૨(બે) કન્સલ્ટન્ટ્સને વિદ્યાપીઠ કરારમાંથી છૂટા કરીને વિદ્યાપીઠની સિક્યુરીટી સેવામાં મૂકેલ છે.** જેઓ ખરેખર TRITમાં ૧૦ વર્ષથી કામ કરે છે. વિવિધ પ્રોગ્રામો હેન્ડલ કરે છે અને **માસ્ટર એમ.ફીલની ડિગ્રી ધરાવે છે તેમ છતાં સિક્યુરીટીમાં તેઓના કોન્ટ્રાકટ છેલ્લાં દોઢ વર્ષથી શ્રી ખીમાણીએ કરી દીધા.**

દેવચંદ વહોનિયાને ગાંધીનગર જવા માટે લેખિત પત્ર હોય તો જવું તથા કામ અંગે ચર્ચા કરીને જવું. **મૌખિક કે ટેલિફોનિક કોઈ પણની સૂચના હોય તો ન જવું તેઓ આગ્રહ રાખે છે.**

TRITનો ઓફિસ સમય દર શનિવારે સવારે ૧૦-૦૦થી ૧૩-૦૦ કલાકના કરી દીધેલ છે પછી સરકારમાંથી કોઈ પણ સૂચના કે કામ હોય તો પણ TRIT ઓફિસ બંધ કરી દેવી કોઈએ ઓફિસ સમય પછી ઓફિસમાં બેસવું નહીં તેવી કડક સૂચના આપેલ છે.

**શ્રી ખીમાણી મૂળ ખેતીવાડીના અધ્યાપક છે. આદિજાતિના કોઈ વિષયથી તેઓ જાણકાર નથી તેમ** છતાં ઉપાધ્યાય વિદેશ જતા જાતે જ ઈનચાર્જ TRITબની બેઠા પછી શ્રી ઉપાધ્યાય વિદેશથી પરત ફરતા તેઓને શ્રી ખીમાણીએ હાજર ન કર્યા કારણ કે TRITના ઈનચાર્જ તેઓને રહેવું હતું અને તેમ જ કર્યું.

દેવચંદ વહોનિયા TRITમાં એક માત્ર સૌથી સિનિયર હોવા છતાં પુષ્કળ અવગણના કરે છે પરેશાન કરે છે.

**શ્રી ખીમાણી હાલમાં નિવૃત્ત રજીસ્ટાર છે અને માનદ્ નિયામક, ગૂજરાત વિદ્યાપીઠમાં છે. પરંતુ TRITના ઈનચાર્જ નિયામક તરીકે રહેવું તેવો અભિગમ ધરાવે છે.** શ્રી ખીમાણી TRITને સરકારથી મુકત કરવાના પ્રયાસોમાં છે તેઓદને આદિજાતિ પ્રત્યે કે આદિજાતિ સેવકો પ્રત્યે કંઈજ લાગણી ભાવ નથી ઉલટાનું તેઓ આદિવાસીઓના વિરોધી છે.

ઉક્ત મુદ્દાઓ જોતા આદિવાસી માટેની પોલીસી ઘડતરનું કામ કરતી, આદિવાસીઓના હક્કો, અધિકારો બાબત રાજ્ય અને કેન્દ્ર સરકારને ભલામણો કરવાનું મુખ્ય કામ કરતી સંસ્થા TRIT આદિવાસી સંશોધન અને તાલિમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠમાં ન રહે તે કેટલું સમાજ માટે હિતકારક છે તે સમાજના શુભચિંતકોએ જોવું જોઈએ.

**ઉપરોક્ત વિગતો અંગેના પુરાવાઓ આદિવાસી અધ્યાપક મંડળની ફાઈલમાં o/c કોપીઓ મોજુદ છે. નેશનલ ટ્રાયબલ કમિશન, દિલ્હી સાથેના તમામ પત્ર વ્યવહાર, વિદ્યાપીઠ દ્વારા કરેલ NSTને જવાબોની નકલ તે તમામ વિગતો દસ્તાવેજી પુરાવા તરીકે ફાઈલ પર હયાત છે.**

 ISSN-2454-9622 Dt. 11-08-2020, Tuesday

જાહેરહિતની અરજી પર સરકારને સુચના

# ગુજરાતમાં કોરોના ટેસ્ટિંગ વધારવા હાઈકોર્ટની ટકોર

## ગુજરાત ટેસ્ટિંગ મામલે અન્ય રાજ્યો કરતા ઘણું પાછળ નિષ્ણાતોની સલાહ મુજબ ટેસ્ટિંગ વધારવા કોર્ટનો નિર્દેશ



રાજ્યમાં ઓછા ટેસ્ટિંગ થાય છે અને તેને વધારવા માટે કોરોના ટેસ્ટિંગ લેબોરેટરીની સંખ્યાને વધારવામાં આવે એવી માંગ સાથે દાખલ કરાયેલી જાહેરહિતની અરજી પર મંગળવારે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિક્રમનાથ અને જસ્ટિસ જે.બી. પારડીવાલાની ખંડપીઠે સરકારને નિષ્ણાતોની સલાહ પર ગુજરાતમાં ટેસ્ટિંગ વધારવાની ટકોર કરી છે. હાઈકોર્ટની ડિવિઝન બેંચે નોંધ્યું હતું કે, ગુજરાત ટેસ્ટિંગમાં અન્ય રાજ્યો કરતા ઘણું પાછળ છે. જેથી વધુ ટેસ્ટિંગ કરવા રાજ્ય સરકારને ટકોર કરી છે, વળી ટેસ્ટિંગના આંકડા પણ દરરોજ જારી કરવામાં આવે તો લોકોની જાગરૂકતા વધશે. નોંધનીય છે કે સરકાર તરફથી હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી નોટમાં વધુ ટેસ્ટિંગનો સરકાર તરફે વિરોધ કરવામાં આવ્યો હતો. રાજ્યના ૧૧ જિલ્લામાં કોરોના ટેસ્ટિંગ લેબ નથી તો ત્યાં શા માટે લેબ શરૂ ન થવી જોઈએ એ મુદ્દે રાજ્ય સરકાર પાસેથી ખુલાસો માગ્યો છે.હાઈકોર્ટે સુરતમાં કોરોનાની વર્તમાન સ્થિતિ મુદ્દે કરાજ્ય સરકારનો ઉધડો લેતા કહ્યું કે, અમદાવાદમાં કોરોનાની સ્થિતિ વણસી ત્યારે અન્ય સ્થળો પર આવું ન થાય તેની તકેદારી રાખવાની જરૂર હતી. રાજ્યમાં દરરોજ ૭થી ૮ હજાર જેટલા કોરોના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. ત્યારે ગ્રામીણ વિસ્તારોમાં વધુ ટેસ્ટિંગ થાય તેના માટે રાજ્યના ૧૯ જિલ્લામાં કોરોના ટેસ્ટિંગ માટે લેબ ઉભી કરવાની માંગ સાથે અમદાવાદ મેડિકલ એસસોશિયેશન દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી દાખલ કરવામાં આવી હતી.હાઈકોર્ટમાં દાખલ કરાયેલી જાહેરહિતની અરજીમાં રજૂઆત કરવામાં આવી કે, ગુજરાત ટેસ્ટિંગમાં ઘણું પાછળ છે, દિલ્હીમાં સરેરાંશ ૩૦ હજાર કોવિડ ૧૯ ટેસ્ટ કરવામાં આવી રહ્યાં છે, જ્યારે તમિલનાડુમાં સૌથી વધુ ૩૫ હજાર ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે, જેથી ગુજરાતના ગ્રામીણ વિસ્તારો અને જિલ્લામાં વધુ લેબ ઉભી કરવામાં આવે તો વધુ એગ્રીસીવ ટેસ્ટિંગ થઈ શકે.ગુજરાતની વસ્તી પ્રમાણે અત્યારની ટેસ્ટિંગ કરતા ૫ ગણી વધુ ટેસ્ટિંગ કરવાની જરૂર છે, જેથી કરીને રોગનું વહેલું નિદાન થઈ શકે અને મહામારીનો અંત આવે. રાજ્યના ૩૩ પૈકી ૧૯ જિલ્લામાં કોરોના ટેસ્ટિંગ સુવિધા ઉપલબ્ધ નથી.

કોરોના વાયરસ સામે લડાઈ હજુ યથાવત્

# ભૂખ્યાનું પેટ ઠારનાર વેપારી કોરોના સામેની લડાઈ હાર્યા

## સુરતના એક સામાજિક કાર્યકર કે જેમણે લોકડાઉન દરમિયાન ગરીબોની મદદ કરીને તેમના દિલ જીત્યા હતા

૧૦ વર્ષથી નાની ઉંમરના બાળકો અને ૬૦ વર્ષથી વધુ વય ધરાવતા લોકોને કોરોના વાયરસનું સંક્રમણ લાગવાનું જોખમ સૌથી વધારે છે. તેથી જ ડોક્ટરો અને એક્સપર્ટ પણ તેમને જરુર વગર બહાર ન નીકળવાની અને જો બહાર જવાનું થાય તો પૂરતી સાવચેતી રાખવાનું કહી રહ્યા છે. તો પરિવારના સભ્યો પણ ઘરના બાળકો અને વડીલોનું ખાસ ધ્યાન રાખી રહ્યા છે.જો કે, સુરતના ૬૬ વર્ષના કાપડના એક વેપારી એવા હતા જેમણે લોકડાઉન દરમિયાન કોવિડ-૧૯નો ડર રાખ્યા વગર રસ્તા પર ઊંઘતા સેંકડો ગરીબ લોકોને ભોજન કરાવીને તેમની આંતરડી ઠારી હતી. આટલું જ નહીં તેમણે પેરામેડિકલ સ્ટાફ અને પોલીસકર્મચારીઓ માટે ફૂડ પેકેટ પણ પહોંચાડ્યા હતા.કપરા સમયમાં જ્યારે કોઈ એકબીજાની મદદ કરવા તૈયાર નહોતું તેવા સમયમાં આ વેપારીએ લોકોની મદદ કરીને તેમનો પ્રેમ અને આશીર્વાદ મેળવ્યા હતા. જો કે, દુર્ભાગ્ય રીતે ૨૨ દિવસ સુધી ખાનગી હોસ્પિટલમાં વાયરસ સામેની લાંબી લડાઈ બાદ રવિવારે રાત્રે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.કાપડના વેપારી તેમજ સામાજિક કાર્યકર તેવા કૈલાશ ધુત રિંગ રોડ પર આવેલા મિલેનિયમ માર્કેટમાં સાડી અને ડ્રેસ મટીરિયલની દુકાન ધરાવતા હતા. જેઓ લોકડાઉન દરમિયાન કોઈ ગરીબ ભૂખ્યો ન ઊંઘે તે વાતની બરાબર ખાતરી કરતા હતા.પરિવારમાં પત્ની, દીકરો અને પુત્રવધૂ ધરાવતા કૈલાશ ધુતે ડો. આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટ અને મહેશ્વરી સમાજના બેનર હેઠળ લોકડાઉનના સતત બે મહિના સુધી ગરીબો અને પ્રવાસી મજૂરો માટે ભોજન અને રાશન કિટની વ્યવસ્થા કરી હતી.ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીમાં જાણીતું નામ ધરાવતા ધુતે જુલાઈ ૨૦૧૭માં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ સામે ટેક્સટાઈલના વેપારીઓના એક મહિના જેટલા લાંબા વિરોધમાં પણ મુખ્ય ભૂમિકા ભજવી હતી. ફેડરેશન ઓફ સુરત ટેક્સટાઈલ ટ્રેડર્સ અસોસિએશન સાથે મળીને ધુતે જીએસટી સામેના આંદોલનનું નેતૃત્વ કર્યું હતું. આ સિવાય તેમણે જીએસટી નાબૂદ કરવા માટેની માગણી કરતા પત્રો સરકારને લખ્યા હતા.ફોસ્ટાના સેક્રેટરી ચંપાલાલ બોથરાએ અમારા સહયોગી ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સાથે વાતચીત કરતાં કહ્યું હતું કે, 'અમે રાજસ્થાની મહેશ્વરી સમાજના આગેવાન અને એક કર્મનિષ્ઠ સામાજિક કાર્યકર ગુમાવ્યા છે. તેમનું નિધન વેપારી સમુદાય માટે એક ખોટ છે. અમારા માટે ધુત સારા કોરોના વોરિયર હતા, જેઓ હંમેશા જરૂરિયાતમંદોની મદદ માટે તૈયાર રહેતા હતા.કફ અને તાવની ફરિયાદ કર્યા બાદ તેમને ૧૪ જુલાઈએ સુરત મહાનગરપાલિકા દ્વારા સંચાલિત સ્મીમર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. બે દિવસ બાદ તેમને રામપુરાની વીનસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમને ઓક્સિજન સપોર્ટ પર રાખવામાં આવ્યા હતા.

# બુધાજુલધાણી ગામે વનવિભાગે ૩ ખેડૂતોનો ઊભો પાક ઉખેડી નાખ્યો

નસવાડી તાલુકાના અંતરિયાળા ડુંગરાળ પ્રદેશમાં આવેલા બુધાજુલધાણી ગામમાં આદિવાસી પરિવાર વર્ષોથી જંગલની જમીન ખેડતા આવ્યા છે. જેઓ મૂળ માલિક, મૂળ રહેવાસી આદિવાસી ખેડૂતો જંગલની જમીન ખેડીને પોતાનું ગુજરાન ચલાવે છે. ત્રણ ખેડૂતો પાસે સરકાર તરફથી આપેલી સનદા (હક્ક) હોવા છતાં વનવિભાગે ઊભો પાક ઉખેડી વન વિભાગ અધિકારીઓએ તેમના ખેતરમાં રોપા રોપી દીધા છે.

વન અધિકારી કાયદો ૨૦૦૬ મુજબ ગામના ખેડૂતોએ પોતાની દાવા અરજીની ફાઈલ બનાવી સરકારને પરવાનગી માટે મૂકેલી હતી. જેમાંથી થોડા ખેડૂતોની દાવા અરજી મંજૂર થવાથી સરકાર તરફથી સનદ પણ મળી છે. સનદ ધરાવતાં ખેડૂતો ડુ. ભીલ નરસીંહભાઈ મુળજીભાઈ, ડુ. ભીલ જેન્તીભાઈ મુળજીભાઈ, ડુ. ભીલ સોલીયાભાઈ ઢેધિયાભાઈએ પોતાના ખેતરમાં મકાઈ, તુવેર અને કપાસનું વાવેતર કરેલ હતું. તા.૨૭-૦૭-૨૦૨૦, સોમવારના રોજ બપોરે બે વાગ્યાના અરસામાં ગઢ બોરીયાદ રેન્જ તથા નસવાડી રેન્જના ફોરેસ્ટ સ્ટાફ તથા મોટી સંખ્યામાં હથિયારધારી, એસઆરપી જવાનો સાથે આવીને ત્રણે સનદધારી ખેડૂતોની જમીનમાંથી ઊભા પાકને ઉખેડી નાખીને રોપા રોપી દીધા છે. તેમને રોકવા જતા ગામલોકને બીભત્સ ગાળો આપી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. ત્રણે ખેડૂતો પેકી એક ખેડૂત શારીરીક રીતે દિવ્યાંગ તથા પથારીવશ રહેતા બીમાર ખેડૂત ડુ.ભીલ નરસીંહભાઈ મુળજીભાઈને પણ ધાકધમકી આપીને તથા તેમની ધર્મપત્ની ઝીણકી બહેનને બંદૂકના કૂંદાથી મોઢા પર માર મારતા દાંત પાડી નાખ્યા છે. આવો અત્યાચાર થયેલ હોય ગરીબ આદિવાસી ખેડૂત કોરોના વાયરસની મહામારીમાં જાય તો જાય કયાં ? મજૂરી કરવા બહારગામ પ ન જઈ શકતો હોવાથી કે ભૂખે મરવાના દિવસો આવેલ છે. ગુજરાતની સંવેદનશીલ સરકાર ગરીબ આદિવાસી ખેડૂતો માટે પણ સંવેદના બતાવે અને જે અધિકારીઓ દોષિત હોય તેની સામે કડક હાથે કાર્યવાહી કરી તથા ખેડુતોને વળતર ચૂકવે તેવી આદિવાસીઓની માંગ ઊઠી છે.

# એસ.સી. એસ.ટી. કેટેગરીની ખાલી બેઠકો પરસ્પર ઓફર કરવા યુનિવર્સિટીઓને આદેશ

રાજ્યની તમામ યુનિવર્સિટીઓ અને પ્રવેશ સમિતિઓ દ્વારા થતી પ્રવેશ પ્રક્રિયામાં અનામત કેટેગરીના એટલે કે એસ.સી., એસ.ટી. કેટેગરીમાં ખાલી પડતી બેઠકો સીધી ઓપન કેટેગરીમાં ટ્રાન્સફર કરી દેવામાં આવતી હોય છે. આ મુદ્દે થયેલી ફરિયાદ બાદ હવે ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની તમામ યુનિવર્સિટીઓને પરિપત્ર મોકલીને આ બંને કેટેગરીની ખાલી પડતી બેઠકો પરસ્પર વિદ્યાર્થીઓને ઓફર કરવા આદેશ કરવામાં આવ્યો છે. રાજ્યમાં ભાવનગર યુનિવર્સિટી સિવાય તમામ યુનિવર્સિટીઓ અને પ્રવેશ સમિતિ દ્વારા થતી પ્રવેશ પ્રક્રિયામાં એસ.સી., એસ.ટી કેટેગરી પૈકી કોઈપણ કેટેગરીની બેઠકો ખાલી પડે તો સીધી ઓપન કેટેગરીમાં ટ્રાન્સફર કરતાં હોય છે જે યુજીસીના નિયમ પ્રમાણે આ બંને પૈકી કોઈ પણ કેટેગરીની ખાલી પડે તો સૌથી પહેલા પરસ્પરની કેટેગરીની વિદ્યાર્થીઓને ઓફર કરવી જોઈએ. પરંતુ યુજીસીના નિયમોનું પાલન થતું નહોતું આ મુદ્દે સેનેટ સભ્ય રાજેન્દ્ર જાદવ દ્વારા રાજ્યપાલ અને શિક્ષણ વિભાગ ઉપરાંત નેશનલ કમિશન ફોર શિડયુલ્ડ કાસ્ટ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. નેશનલ કમિશનના આદેશના પગલે તાજેતરમાં ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં આ પ્રમાણે કાર્યવાહી થઈ છે કે નહિં તેની વિગતો પણ વિભાગો દ્વારા યુનિવર્સિટીઓ પાસે માંગવામાં આવી છે વિભાગ દ્વારા હાલ રાજ્યની ૧૧ યુનિવર્સિટીઓને પરિપત્ર મોકલી આપવામાં આવ્યો છે.

# માતૃભાષામાં શિક્ષણથી શીખવાની ગતિ વધશેઃ મોદી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય શિક્ષા નીતિ પર આયોજિત કોક્લેવને સંબોધિત કરીને સ્પષ્ટ કર્યું કે આખરે બાળકોને પાંચમા ધોરણ સુધી તેમની માતૃભાષામાં જ શિક્ષણ આપવાની ભલામણ નવી શિક્ષણ નીતિમાંશા માટે કરવામાંઆવી છે. તેમણે કહ્યું કે, માતૃભાષામાં શીખવાની ગતિ વધારે ઝડપી હોય છે. વડાપ્રધાન મોદીએ કહ્યું, ×આ વાતમાં કોઈ વિવાદ નથી કે બાળકો ઘરની બોલી અને સ્કૂલની ભાષા એક હોવાથી શીખવાની ગતિ વધારે સારી બને છે. આ મોટું કારણ છે કે, જેના લીધે જ્યાં સુધી શક્ય હોય પાંચમા ધોરણના બાળકોને માતૃભાષામાં ભણાવવાની સહમતિ આપવામાં આવી છે. તેનાથી બાળકોના ભણતરના પાયા મજબૂત બને છે, તેનાથી આગળના અભ્યાસ માટેપણ તેમના પાયા મજબૂત થાય છે.× કોક્લેવમાં નવી શિક્ષણ નીતિ તૈયાર કરનારા ડૉ. કસ્તૂરીરંગન અને તેમની ટીમ, અલગ-અલગ યુનિવર્સિટીના કુલપતિ અને જાણીતા શિક્ષાવિદો હાજર રહ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, નવી શિક્ષા નીતિ દેશની શિક્ષા વ્યવસ્થાને અધુનિક વૈશ્વિક મૂલ્યો પર સાબિત કરવા માટે સક્ષમ છે. તેમણે કહ્યું કે અમારી એજ્યુકેશન સિસ્ટમ વર્ષોથી જૂની નીતિ પર ચાલી રહી હતી જેના કારણે નવો વિચાર, નવી ઉર્જા તરફ ગતિ નહોતી થતી.

# વ્યક્તિ વિશેષ

ગંતાકનું ચાલુ



ડો. દિપક જી. ભોયે

આસી. પ્રો. મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિ., સુરત

અધ્યાપક અને સંશોધન કાર્ય : વર્ષ -૨૦૦૪માં શ્રી કન્યા કેળવણી મંડળ, ઊંઝા સંચાલિત શ્રી જે.એમ. પટેલ આર્ટશ અને શ્રીમતી એમ.એન. પટેલ કોમર્સ મહિલા કોલેજમાં વિઝિટીંગ વ્યાખ્યાત તરીકેની તક મળતા લગભગ બે વર્ષ સુધી સ્નાતક કક્ષાએ અધ્યાપન કર્યું. ત્યારબાદ ૨૦૦૬થી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના અનુસ્નાતક ભવન, મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગમાં છેલ્લાં ૧૪ વર્ષથી કાર્યરત છું. ૨૦૧૩માં ડાંગના ભીલોની સંસ્કૃતિઃ સાતત્યતા અને પરવર્તાન વિષય પર પીએચ. ડી. થયો. વર્ષ ૨૦૧૪માં પીએચ.ડી.ની માર્ગદર્શક તરીકેની માન્યતા મેળવી હતી.

યુનિવર્સિટીમાં અનુસ્નાતક શિક્ષણ કાર્યની સાથોસાથ વિસ્તરણ અને સંશોધન કાર્યને પણ એટલું જ મહત્ત્વ આપવામાં આવતું હોવાથી મારા માર્ગદર્શન હેઠળ એમ.ફીલના એક વિદ્યાર્થીનીએ સંશોધન કાર્ય પૂર્ણ કર્યું છે અને એક હાલમાં સંશોધન કાર્ય કરે છે. જ્યારે પીએચ.ડી.ના કુલ ૪ વિદ્યાર્થીઓ મારા માર્ગદર્શન હેઠળ સંશોધન કાર્ય કરી રહ્યા છે. લગભગ ૨૦થી વધુ રાજ્ય સ્તરના અને રાષ્ટ્રીય સ્તરના સેમિનાર/ કોન્ફરન્સ/ વર્કશોપ/ સિમ્પોસિયમ વગેરેમાં ભાગ લઈ અને ૧૫ જવેટલા સંશોધન પત્રો રજૂ કર્યા છે. વિવિધ પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રિય સામાયિકો / જર્ન્નરલ્સ સંશોધનપત્રો પ્રકાશિત થયા છે.

૨૦૧૪માં દીપ ટ્રસ્ટ, નાની નરોલી અંતર્ગત હાથ ધરવામાં આવેલ જીઆઈપીસીએલ (સી.એસ.આર.) પ્રવૃત્તિ અંગે સોશિયલ ઓડિટ કન્સલ્ટન્સી પ્રોજેકટ અને અન્ય ચાર એસાઈમેન્ટસ કન્સલન્ટસી પ્રોજેકટ્સ જેવા કે, મિડ ટર્મ ઈવેલ્યુશન ઓફ નોડલ એનજીઓ-લોકપંચાયત-અહમદનગર, મહારાષ્ટ્ર (૨૦૦૯-૧૦), પ્રિ ફંડિગ મિડ ટર્મ અને ફાઈનલ ઈવેલ્યુએશન -૨૦૦૯-૧૦(ભાષા સંશોધન કેન્દ્ર, પાવી જેતપુર, છોટાઉદેપુર) અને રિ-વેરિફીકેશન એન્ડ થર્ડ પાર્ટી મોનિટરીંગ ઓફ ટોટલ સોનિટેશન કેમ્પેઈન (એનજીપી), સુરત અને તાપી જિલ્લો (૨૦૧૦) અને ૨૦૧૦માં કમિશ્નરેટ રૂરલ ડેવલપમેન્ટ, ગર્વમેન્ટ ઓફ ગુજરાતના સહયોગથી દક્ષિણ ગુજરાતના સુરત અને તાપી જિલ્લાના સોશિયલ ઓડિટ ઓફ મનરેગા અંગેના અહેવાલો તૈયાર કર્યાનો આનંદ છે. વર્ષ ૨૦૧૬માં ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સોશિયલ સાયન્સ રિસર્ચ, મિનિસ્ટ્રી ઓફ હ્યુમન રેસોર્સ ડેવલપમેન્ટ-ન્યુ દિલ્હીના સહયોગથી દસ દિવસનો પીએચ.ડી(એસ.ટી. કેટેગરી) વિદ્યાર્થીઓ માટે રિસર્ચ મેથોડોલોજી પ્રોગ્રામની તાલીમ માટે અનુદાન મેળવી, મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ અને સેન્ટર ફોર સોશિયલ સ્ટડિઝ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો જેમાં પ્રોગ્રામ ડાયરેકટર તરીકેની જવાબદારી નિભાવી હતી.

યુનિવર્સિટી કક્ષાએ વહીવટી કાર્યઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં છેલ્લાં બે ટર્મથી ગ્રામ અભ્યાસ વિદ્યાશાખાના અધર ધેન ડીન અને એકેડેમિક કાઉન્સીલના સભ્ય તરીકે કાર્યરત છું. આ સિવાય યુનિવર્સિટીની વિવિધ કમિટીઓમાં જવાબદારીઓ નિભાવી રહ્યો છું જેવી કે બોર્ડ ઓફ સ્ટડિઝ, બોર્ડ ઓફ ફેકલ્ટી, બોર્ડ ઓફ એકઝામિનેશન, બોર્ડ ઓફ યુનિવર્સિટી ટિચિંગ (બીયુટી)ના સભ્ય, રિસર્ચ એડવાઈઝરી કમિટીના સભ્ય(ગ્રામ અભ્યાસ વિદ્યાશાખા), રિસર્ચ એડવાઈઝરી કમિટીના સભ્ય (હિન્દી વિષય), યુનિવર્સિટી બ્રાન્ડ એમ્બેસેડર કમિટી સભ્ય, યુનિવર્સિટી પરીક્ષા કો-ઓર્ડિનેટર, યુનિવર્સિટી એસ.સી./ એસ.ટી. સેલના સભ્ય તેમજ યુનિવર્સિટી પબ્લીકેશન કમિટી, યુનિવર્સિટી સ્તરની એન.એસ.એસ. એડવાઈઝરી કમિટીના સભ્ય તેમજ અન્ય કમિટીઓ જેવી કે યુ.જી. અને પી.જી. એડમિશન કમિટી, લોકલ ઈન્કવાયરી કમિટી (એલઆઈસી) વગેરે વહીવટી કાર્ય અને જવાબદારીઓ નિભવવાની તક સાંપડી છે.

લેખન અને પ્રકાશન કાર્ય : પદ્ધિસર લેખન અને પ્રકાશન કાર્યની શરૂઆત ૨૦૦૯થી કરી. મારુ પ્રથમ સંશોધન લેખ અમદાવાદથી પ્રકાશિત થતું યોજના સામાયિકમાં પ્રકાશિત થયું અને રૂ.૫૦૦/- નો પુરસ્કાર પણ મળ્યો ત્યારે મને થયું કે મારું સંશોધન લેખનું મહત્ત્વ છે ? આ સમયે લેખ પ્રકાશિત થયાની સાથે પુરસ્કાર મળ્યાનો ખુબ જ આનંદ થયો હતો. ત્યારબાદ જ્યારે જ્યારે તક મળે ત્યારે લેખન કાર્ય કરતો રહ્યો છું. બીજી એક ઘટનાનો પણ અહીં ઉલ્લેખ કરવાની તક લઉં છું. 'આદિલોક' સામયિકે ખાસ કરીને આદિવાસી અને અનુસૂચિત જાતિના નવા ઉભરતા લેખકોને એક સારી જગ્યા પૂરી પાડી આપણા સમાજના લેખકનોનું ઘડતર કરવાની મહત્ત્વની ભૂમિકા ભજવી છે. એક વ્યક્તિ તરીકેની ઓળખ કરતા લેખક તરીકેની ઓળખનો આનંદ અને ગૌરવ ત્યારે થાય છે કે જ્યારે તમે કોઈકને પહેલી વખત મળલ અને સામેની વ્યક્તિ તમારું નામ જાણીને એમ કહે કે, હા.... હા તમે આદિલોકમાં લખો છો અને તમારા પ્રત્યેનો આદર અને માન વધી જતો હોય. જેની અનુભૂતિ મને પોતાને થઈ જ્યારે ગુજરાત યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના પ્રોફેસર અને ભવનના વડા ડો. અરૂણ વાઘેલાસાહેબ સાથે મુલાકાત થઈ. આ તબક્કે હું આદિવાસી સમાજના શિક્ષિત યુવાનો અને જેઓને પોતાના સમુદાય કે અન્ય મુદ્દાઓ વિશે વિચારવાની અને લખવાની રૂચિ છે તેઓએ ચોક્કસપણે લેખન કાર્ય કરી સંસ્કૃતિ બાબતોનું સંગ્રહ કરવાની જરૂરિયાત છે. જેથી આવનાર પેઢીને હાલની સામાજિક - સાંસ્કૃતિક પરિસ્થિતિઓથી અવગત કરી શકાશે. મારા પ્રકાશિત થનારા પુસ્તકોમાં(૧) ભીલોની સંસ્કૃતિ : સાતત્યતા અને પરિવર્તન (૨૦૧૪) (૨) હળપતિ વિકાસ યોજનાઓનું મૂલ્યાંકન (૨૦૧૫) (૩) ગ્રામ વિકાસમાં મનરેગાની સમિક્ષા (૨૦૧૫) (૪) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમની નબળા વર્ગો પર પડેલી અસરો (૨૦૧૯) (૫) આદિવાસી સંસ્કૃતિ : મુદ્દાઓ અને પડકારો.

અંતમાં હું એટલું જ કહેવા માગીશ કે સંઘર્ષ એ જ જીવન છે માટે શિક્ષણ જગતમાં પ્રવેશવા અને ઉચ્ચસ્તરે સિદ્ધિ માટે મળતી નાની નાની તકો ૫ સફળતાના શિખરે પહોંચાડવા માટે સીડી સમાન છે. વાચકોને મારા પ્રણામ.



પોશીના તા.માં ગણેર ગામે આંગણવાડી નંબર ૫ માં બાળકોને સુખડી વિતરણ કરેલ. જે કાર્યકરનું નામ શિલ્પાબેન છે જેમનું કામ ખુબ સરસ છે સરકારના નીતિનિયમ પ્રમાણે ઘરે ઘરે જઈને સુખડીનું વિતરણ બાળકોને તા.૨૩.૭.૨૦૨૦ના રોજ કરેલ છે.

ISSN-2454-9622 Dt. 11-08-2020, Tuesday

# ઉદ્યોગો સાથે સંકળતાયેલા ૪૭.૬ ટકા ગ્રામિણ શ્રમિકો અટવાયા હતા

દેશ અને દુનિયાના અન્ય દેશોમાં કોરોના કોવિડ-૧૯ની મહામારીની પરિસ્થિતિને નિયંત્રિત કરવા માટે ભારત સરકારે ૨૨ મી માર્ચથી સમગ્ર ભારત દેશમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું. જેનાથી દેશની અર્થવ્યવસ્થા તેમજ સામાજિક જનજીવન પણ વિકટ પરિસ્થિતિમાં મુકાયો હતો. જો કે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના સન્નિષ્ટ પ્રયાસો થકી બાકી અન્ય દેશોની તુલનામાં દેશમાં આવી પડેલી મહામારી આપણે કેટલે અંશે નિયંત્રિત કરી શકયા ?

કોરોના કોવિડ -૧૯ મહામારીની વિકટ પરિસ્થિતિમાં દેશના તમામ ક્ષેત્રો પ્રભાવિત થતા દેશના તમામ વર્ગના લોકોને એક યા બીજી રીતે મુશ્કેલી વેઠવી પડી છે. ત્યારે સમાજનો એક હિસ્સો એવા સમાજના નબળા વર્ગો જેવા કે આદિવાસી સમુદાય, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગોના કુટુંબો કે જેઓ ખાસ કરીને ગ્રામિથ વિસ્તારમાં અને અંતરિયાળા વિસ્તારમાં વસવાટ કરનારા છે અને સ્થાનિક તેમજ અન્યત્ર ધંધા રોજગારીથી આજીવિકા મેળવી જીવન ગુજારે છે. તેથી આ વર્ગના કુટુંબોનું સામાજિક, આર્થિક કે જનજીવન પણ પ્રભાવિત થતા તેમના સમાજિક-આર્થિક પ્રશ્નો અંગેની વાસ્તવિક પરિસ્થિતિ જાણવાનો પ્રયાસ કર્યો હતો.

પ્રસ્તુત સંશોધન અભ્યાસ માટે માહિતીના સાધન તરીકે ગુગલ ફોર્મ તૈયાર કરી સોશિયલ મીડીયા દ્વારા ગુજરાતના કુલ ૧૭ જિલ્લાઓ અને ૩૦ તાલુકાના ૫૦ ગામોમાંથી માહિતી મેળવી હતી.

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં ખાસ કરીને નબળા વર્ગોમાં કૌટુંબિક સમસ્યા અને ગ્રામસ્તરે ઊભી થયેલી સમસ્યાઓને જાણવાનો પ્રયાસ કર્યો હતો. સાથોસાથ તેમની સમસ્યાઓને હલ કરવા માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા અપાયેલ સહાય અને રાહત પેકેજોની નબળા વર્ગના લોકો સુધી પહોંચે છે કે તે વિષે જાણવાનો પ્રયાસ કરવામાં આવેલ હતો.

ગુજરાતના ગ્રામિણ વિસ્તારના ઉત્તરદાતા-ઓમાંથી ૭૦.૬ ટકા અનુસૂચિત જનજાતિ (આદિવાસી) સમુદાયના હતા જ્યારે ૫.૯ ટકા અનુસૂચિત જાતિ અને ૨૩.૫ ટકા કુટુંબો અન્ય પછાત વર્ગના કુટુંબોના ઉતરદાતા દ્વારા માહિતી મેળવી હતી. જેમાં ૨૦ ટકા મહિલા અને ૮૦ ટકા પુરુષોએ પ્રતિભાવ આપ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર ઉતરદાતાઓ-માંથી ૩૯ ટકા ગરીબી રેખાથી ઉપરના હતા. જ્યાર ૫૫ ટકા ગરીબી રેખાથી નીચેના કુટુંબો હતા. કાર્ડ વિહોણા ૪ ટકા અને શ્રમયોગી ૨ ટકા હતા. આ લોકોનું શિક્ષણ સ્તર આધાર જોતા ૭૦.૫૮ ટકા અનુસ્નાતક, ૧૩.૭૨ ટકા સ્નાતક, માધ્યમિક અને ઉ. માધ્યમિક સુધી શિક્ષણ ધરાવતાનારાઓનું પ્રમાણ ૧૫. ૭૦ ટકા હતું.



ડૉ. દિપક જી. ભોયે
આસી. પ્રો. મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિ., સુરત

## ગુજરાતના ગ્રામીણ વિસ્તારના નબળા વર્ગના કુટુંબોના સામાજીક, આર્થિક જીવન પર કોરોના કોવીડ -૧૯ અને લોકડાઉનની પડેલી અસરો

આ સર્વમાં આવરી લીધેલા કુટુંબોને વ્યવસાયિક રીતે જોવામાં આવે તો મોટા ભાગના કુટુંબો ખેતી, પશુપાલનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે. જ્યારે ૨૨ ટકા જેટલા કુટુંબો નોકરી અને અન્ય ધંધા રોજગાર સાથે સંકળાયેલા હતા. આથી લોકડાઉનની પરિસ્થિતિમાં ખેતી, પશુપાલનથી આજીવિકા મેળવનારા છે તેઓ તેમની રોજીંદી પ્રવૃત્તિમાં વ્યસ્ત હતા જ્યારે નોકરી કરનાર વકફ્રોમ હોમથી કામ કરતા હોવાનું જણાવ્યું હતું. પરંતુ જે લોકો અન્ય ધંધા-રોજગાર સાથે સંકળાયેલા છે તેવા કુટુંબોના વ્યક્તિઓ મુખ્યત્વે ટેલિવિઝન, મોબાઈલ અને ઘરકામ પ્રવૃતિ કરીને સમય પસાર કરતા હોવાનું જાણવા મળેલ છે.

અભ્યાસ હેઠળના કુલ ૫૦ ગામોમાંથી૬૦ ટકા લોકો પોતાના ગામમાંથી અન્ય સ્થળે ધંધા -રોજગારી અર્થે ગયેલા લોકો લોકડાઉનથી પરિસ્થિતિમાં અટવાયેલા હોવાનું જાણવા મળેલ છે. જેમાં ૪૭.૬ ટકા જેટલા ઔદ્યોગિક શ્રમિકો હતા જ્યારે ૯.૮૦ ટકા લોકો સામાજિક, ધાર્મિક કે કોઈ કારણોસર અન્ય સ્થળે ગામના લોકો અટવાઈ ગયેલા જણાવ્યું હતું. જે જે ગામોમાંથી જે જે વ્યક્તિઓ ફસાયેલ હતા તેઓને પડેલી મુશ્કેલીઓમાં (૧) આરોગ્યને લગતી મુશ્કેલી, (૨) કુટુંબથી વિખૂટા પડવું (૩) ખોરાકની મુશ્કેલી (૪) નાણાની મુશ્કેલી અને (૫) રહેઠાણની મુશ્કેલીઓ જાણવા મળી હતી.

રાજ્યના જિલ્લાઓ અને તાલુકાઓના ગામોમાં વસવાટ કરતા ગામલોકોઓએ લોકડાઉનની પરિસ્થિતિમાં આર્થિક અને સામાજિક મુશ્કેલીઓ ઊભી થઈ હતી. આર્થિક મુશ્કેલીઓમાં મોંઘવારીમાં વધારો, રોજિંદી ચીજવસ્તુઓ નહીં મળવી, દૈનિક રોજગારી ન મળવી, કુટુંબમાં સભ્યોનું ભરણપોષણ કરવાની મુશ્કેલી, ખેતી માટે બિયારણ અને ખાતર સમયસર મળવાની મુશ્કેલી, ખેતઉપજ બજારમાં સમયસર વેચાણ કરી શકાતું ન હોવાથી તેમજ પોષણક્ષમ ભાવ નહીં મળવા જેવી આર્થિક સમસ્યાઓનો સામનો કરવો પડે. કોરોના મહામારી અને લોકડાઉનની પરિસ્થિતિમાં દરેક કુટુંબોની સરેરાશ મહિનાની આવકમાં પહેલાની તુલનામાં ઘટાડો નોંધાયો છે. પરંતુ ૧૫.૭ ટકાના મતે તેમના કુટુંબની મહિની સરેરાશ આવક શૂન્ય થઈ ગયેલી જાણવા મળેલ છે.

ગ્રામિણ વિસ્તારના નબળા વર્ગના કુટુંબોની સામાજિક સમસ્યાઓમાં મુખ્યત્વે બાળકોના શિક્ષણ પર અસર, કુટુંબના સભ્યો વચ્ચે ઝઘડા વધ્યા, લોકો વચ્ચે સામાજિક સંપર્કો તૂટયા, જેનાથી લગ્ન પ્રસંગો અટવાયા, બિમાર વ્યક્તિને મળવામાં મુશ્કેલી સાથે સમયસર સારવાર લેવામાં મુશ્કેલીઓ પડવાથી કુટુંબના અન્ય સભ્યોની માનસિક તણાવની સ્થિતિનો ભોગ બન્યા છે. કુટુંબના સભ્યોનો સ્વભાવ પહેલાની તુલનામાં ચિડીયાપણું વધ્યું હોવાનું જાણવા મળેલ છે. આ અભ્યાસ હેઠળ ૬૮.૬ ટકાના મતે કોરોના કોવિદ-૧૯ની મહામારી અને લોકડાઉનની પરિસ્થિતિમાં માનસિક તણાવનો અનુભવ કરતા હોવાનું માલુમ પડયું છે.

ગ્રામ્ય સ્તરે ઊભી થયેલી સમસ્યાઓમાં કોરોના મહામારી અને લોકડાઉનના પરિણામે ગ્રામ સ્તરે અનેક સમસ્યાઓ જાણવા મળેલ છે. જેમાં ગામમાંથી શહેરોમાં સ્થળાંતર કરી રોજગારી મેળવવા મજૂરોની આર્થિક સ્થિતિ કથળી. ગામના જાહેર ચોર પર લોકોનું બેસવાનું બંધ થવાથી સામાજિક અંતર વધ્યું. ગામોમાં સ્થાનિક સામાજિક કાર્યો પર પ્રતિબંધ હોવાથી શુભ તેમજ અશુભ કાર્યોમાં હાજરી આપી ન શકાય. ગ્રામ વિકાસના કામોની પ્રગતિ ધીમી પડી જે સૌથી મુખ્ય સમસ્યા ગણવામાં આવી. વ્યસન કરતા વ્યક્તિઓમાં ચિડીયાપણુ વધ્યુ સાથે કેફી દ્રવ્યોનું વેચાણ ઊંચી કિંમતે વેચાણ થતા આર્થિક રીતે વ્યશન કરનાર વ્યક્તિઓનું શોષણ થતું જણાયું. પરિણામે ગામોમાં ૬૮.૬ ટકા મતે કુટુંબના સભ્યો માનસિક તાણનો અનુભવ કરતા જણાયા તેમજ ૨૨ ટકા કુટુંબોમાં સભ્યો વચ્ચે ઝઘડાઓનું પ્રમાણ પહેલા કરતા વધ્યા હોવાનું જાણવા મળેલ છે.

વૈશ્વિક કોરોના મહામારીના કારણે દેશમાં જે પ્રકારની આર્થિક કટોકટીની પરિસ્થિતિ સર્જાઈ છે તેમાંથી દેશના તમામ ક્ષેત્રોને કેન્દ્ર સરકાર દ્વારા આર્થિક પેકેજો થકી રાહત માટે સરાહનીય પગલા પણ લેવામાં આવ્યા છે. પણ જેમાં ખાસ કરીને ગ્રામીણ વિસ્તારના નબળા વર્ગને સ્પર્શ કરતા રાહતોમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ રાહત પેકેજો પૈકી કેટલીક રાહતો અને તેનાથી નબળા વર્ગોને થયેલા લાભોમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ પ્રધાનમંત્રી જનધન યોજના ખાતા ધારોક પૈકી મહિલા ખાતાધારકના બેંક ખાતામાં રૂ. ૫૦૦ સુધીની રાહત આપવામાં આવી હતી. સર્વ દરમિયાન ૪૩.૩ ટકા મહિલાઓને લાભ મળી ચૂકયો હતો. જ્યારે ૩૭.૨૫ ટકા મહિલાઓના બેંક ખાતા સક્રિય ન હોવાથી તેમજ કેવાયસી નહી હોવાથી, આધાર કાર્ડ લીંક ન હોવાથી તેમજ અન્ય દસ્તાવેજોની પૂર્તિ ન હોવાના કારણે આ મહિલાઓને સમયસર લાભ મેળવી શકી નહોતી. જ્યારે ૧૯.૬૦ ટકા મહિલાઓ આ અંગે જાણકારીના અભાવે લાભ લઈ શકયા નહોતા.

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ હેઠળ ખાસ કરીને નાના અને સિમાંત ખેડૂતોને રાહત મળી રહે તેના માટે રૂ. ૨૦૦૦ સુધીની રકમ ખેડૂતોના બેંક ખાતામાં જમા કરવાનો નિર્ણય લઈ ખેડૂતોને લાભ આપ્યો હતો. સર્વ દરમીયાન ૪૯ ટકા ખેડૂતોન લાભ મળ્યો હતો. જ્યારે ૨૫.૫ ટકા ખેડૂતોના દસ્તાવેજો પ્રક્રિયા પૂર્ણ નહીં હોવાથી તેમજ બાકીના જમીન વિહોણા તેમજ જંગલમાં ખેતી ખેડનારાઓ હતા જેથી તેઓને લાગુ પડતું નહોતું.

પ્રધાનમંત્રી ઉજજવલા યોજના હેઠળ રાહત પેકેજ હેઠળ ત્રણ મહિના મફત ગેસ સિલિન્ડર આપી રાહત આપવાનો નિર્ણય કર્યો હતો. જેમાં ૪૧ ટકા નબળા વર્ગના કુટુંબોને તત્કાલ લાભ મળ્યો હતો. જ્યારે ૫૨ ટકા કુટુંબોને લાભ નથી મળ્યો

મુખ્યમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ રૂ. ૧૦૦૦/-ની સહાય ૨૩ ટકા કુટુંબોની મળી હતી. ૨૦ ટકા કુટુંબોની ખબર જ નહોતી જગાર ૫૧ ટકા કુટુંબોને લાભ નથી મળ્યો તેમજ ૬ ટકા કુટુંબોની દસ્તાવેજોની ચકાસણી અને નોંધણીની પ્રક્રિયા ચાલુ હોવાનું જાણવા મળેલ હતું.

લોકડાઉનની પરિસ્થિતિમાં ગ્રામીણ વિસ્તારના પ્રત્યેક કુટુંબોને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ખાદ્ય ચીજવસ્તુઓ માસ એપ્રિલ-૨૦માં ફુડ બાસ્કેટ વીનામૂલ્યે લાભ લીધો હોય તેવા ૭૮. ૪૩ ટકા કુટુંબોએ લાભ મેળવ્યો હતો જ્યારે ૧૩.૭૨ ટકા કુટુંબોનું દસ્તવેજો / નોંધણીની પ્રક્રીયા ચાલુ હોવાથી અનાજનો જથ્થો ઉપલબ્ધ થઈ શકયો નહોતો.

લોકડાઉનની પરિસ્થિતિમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર ઉપરાંત કેટલીક સેવાભાવી સંસ્થાઓ પણ લોકોની મદદ માટે આગળ આવીને સરાહનીય કામગીરી કરી રહી છે. ગ્રામીણ વિસ્તારમાં ખાસ કરીને નબળા વર્ગના કુટુંબોને સેવાભાવી સંસ્થાઓ પૈકી ૧૦ ટકા કુટુંબોને લાભ મળ્યો હતો. જેમાં બીપંએસ દ્વારા (પેટલાદ ખાતે ) રેશનકાર્ડ વિહોણાઓને રાશનકીટ અને જીવન જ્યોત સંસ્થા દ્વારા (ડોલવણ-પાટી ખાતે) માસ્ક અને સેનિટાઈઝરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આહવા તાલુકાના ગામોમાં સ્વામી વિવેકાનંદ ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદોને મદદ પહોંચાડીને સેવાકાર્યનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

કોરોના કોવિદ-૧૯ મહામારીનું સંક્રમણને નિયંત્રિત કરવા માટે આરોગ્ય વિભાગની ગાઈડલાઈન મુજબની દરેક નાગરિકો નવી ટેવોને અપનાવે તેના પર ભાર મૂકયો હતો. ગ્રામીણ વિસ્તારમાં નબળા વર્ગના કુટુંબોના સભ્યોએ અન્ય વ્યક્તિઓ સાથે હાથ મિલાવવા, મોઢા પર કપડું બાંધવું, શારીરિક અંતર જાળવવું, સાબુથી વારંવાર હાથ ધોવા, છીંક / ખાંસી ખાતી વખતે મોઢા આગળ કપડું ઢાંકવું જેવી ટેવો અપનાવવાની જાણકારી આપી હતી. તેમાં ૩૩.૩૩ ટકા કુટુંબોએ પરિવાર સાથે હાથ મિલાવવા અને શારીરિક અંતર રાખવું અને છીંક-ખાંસી વખતે કપડું ઢાંકવું જેવી મુખ્ય ટેવો અપનાવી હતી.

વાંસના ફળ, ફૂલ, પાંદડા અને ધડ બધું જ ઉપયોગી

# ડાંગ જિલ્લાના આદિવાસીઓમાં ખૂબ જાણીતું વાંસકીલનું શાક એક ઔષધિ



દંડકારણ્ય વનપ્રદેશ ડાંગમાં હાલ કુમળા વાંસની સિઝન ચાલી રહી છે. ત્યારે અહીં કુમળા વાંસનું શાક તેમજ અથાણું બનાવવામાં આવે છે. કુમળા વાંસને વાસંદી કે વાંસકીલ નામે ઓળખવામાં આવે છે. કુદરતી રીતે ઉગી નીકળતા માનવેલ વાંસના કુમળા અંકુર જેવા પીલાનું અહીના આદિવાસીઓ શાક બનાવીને ખાય છે. આ ઉપરાંત તેનું અથાણું પણ બનાવવામાં આવે છે. ગુજરાતમાં છેવાડે આવેલા ડાંગના જંગલોમાં પુષ્કળ પ્રમાણમાં વાંસ જોવા મળે છે. જેનું આયુષ્ય આશરે ૪૦ વર્ષ જેટલું હોય છે.

જ્યાં સુધી વાંસ પર ફૂલ ન આવે ત્યાં સુધી વાંસ લીલાછમ રહે છે. લગભગ ચાલીસમાં વર્ષે ફૂલ આવ્યા પછી એનું જીવન પૂરું થાય છે. જો કે એ ફૂલમાંથી જે ફૂલ બને એ જમીન પર પડવાથી તરત જ નવા વાંસનો જન્મ થાય છે. વાંસના પાન પાતળાં અને લાંબા હોય છે. જેને આગળનો ભાગ ભાલાના ફણાની જેમ અણીવાળો હોય છે. હાલની સિઝનમાં વાંસ સરળતાથી મળી જતા હોવાથી મોટી સંખ્યામાં લોકો તેનો ખાવામાં ઉપયોગ કરે છે જ્યારે ૪૦ વર્ષ બાદ વાંસ ઉપર આવતા બીજમાંથી દળીને રોટલા, શીરો બનાવી ઉપયોગમાં લેવાય છે. વાંસના ફૂલ, ફળ, પાંદડા અને ધડ બધુ જ કયાંય ને કયાંક કામમાં આવે છે.

આદિવાસી ગામડાઓમાં વાંસની પટ્ટીઓને ગૂંથીને કાચા મકાનોની દિવાલ બનાવવામાં આવે છે અને વાડાને સુરક્ષિત બનાવવા માટે પણ એનો ઉપયોગ થાય છે. એ ઉપરાંત બાંધકામ, ઉદ્યોગમાં મકાન બાંધવામાં, ઈમારતી લાકડાં તરીકે, ખેત ઓજારો બનાવવામાં આવે છે. પાટલા, હોડી, તરાપા, કમાનો, નદીનાળા પર પુલ, ફર્નિચર, સુપડા, નિસરણી વગેરે બનાવવામાં વાંસનો ઉપયોગ થાય છે. તેમજ વાંસમાંથી કલાત્મક ચીજવસ્તુઓ પણ બનાવવામાં આવે છે. કુમળા વાંસનો વિવિધ ખાદ્યપદાર્થો બનાવવામાં આવે છે. જેને વાંસકીલ, વાસદે કે વાંસદી એમ કહેતા હોય છે. કેટલાક લોકો તેને આખુ મીઠું ભરી સુકવીને અન્ય ઋતુમાં પણ શાક બનાવતા હોય છે.

આદિવાસી સમાજ દ્વારા

# પોલીસ સ્ટેશનમાં ઢોર માર મારનાર પોલીસ કર્મચારીઓ સામે ગુનો નોંધવા માંગ રાજયપાલને કરાઈ

ખેડબ્રહ્મા તાલુકાના બે આદિવાસી ખેડુતોને ખેરોજ પોલીસે ઢોર માર માર્યો હોવાન આક્ષેપ સાથે કડક પગલાં ભરવાની માંગ ઊઠી છે. આદિવાસી સમાજે રાજ્યપાલને એક આવેદનપત્ર મોકલાવી ખેડુતોને માર મારનારે પોલીસ કર્મચારીઓ સામે ગુનો નોંધવાની માંગ કરી છે. સોથ જ આ મામલાને ન્યાય નહીં મળે તો સમાજ દ્વારા આગામી દિવસોમાં આંદોલન કરવાની ચમકી ઉચ્ચારવામાં આવી છે. ખેડબ્રહ્મા, પોશીના અને દાંતા તાલુકાના ડુંગરી ગરાસીયા આદિવાસી સમાજ દ્વારા મામલતદાર મારફતે રાજયપાલને આવેદનપત્ર આપી રજુઆત કરવામાં આવી છે. કેદાણ મહુડીના શાલુભાઈ કચરાભાઈ ડાભી અને પાટડીયા ગામના રાવતાભાઈ જગાભાઈ દાવડાને ખેરોજ પોલીસે ઢોર માર માર્યો હતો. ત્રણ પોલીસ કર્મચારીઓએ રાવતભાઈ દાવડાને પકડી રાખ્યા હતા અને ચોથા પોલીસ કર્મચારીએ બોહરમીથી લાકડી અને દંડા વડે માર માર્યો હતો. પોલીસે બિભત્સ ગાળો પણ બોલી જાતિવિષયક અપમાન પણ કર્યું હતું. ખેડૂતોને પોલીસ દ્વારા ઢોર માર મારવામાં આવતા આ વિસ્તારના લોકોમાં આક્રોશ ભભુકી ઉઠ્યો છે. ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા સ્ટાફ પૈકી ફરજ ભૂલી સત્તાનો દૂર ઉપયોગ કરનાર આ પોલીસ કર્મચારીઓ સામે ગુનો નોંધવાની માંગ ઊઠી છે.

ફ્રેન્ચાઈઝી માટે સંપર્ક કરો.
Web Site : www.gctiindia.org
Mo.: 9712339777
GUJARAT COMPUTER TRAINING INSTITUTE®
Organize by UECT, Regd. by Govt. of India
Regd. by Govt. of India N.C.T. New Delhi, India
Regd. by Govt. of Gujarat, India
ગુજરાત સરકારની નવી ભરતી માટે CCC નો કોર્ષ
સરકારશ્રી દ્વારા જાહેર કરેલ અભ્યાસક્રમ મુજબ ભણાવવામાંઆવે છે.
આ સિવાય અન્ય રોજગાર લક્ષી કોર્ષ
Basic, Tally Erp-9, DTP, Web designing, C, C++, Java, DCA, PGDCA, Hardware Networking, Spoken English, Mobile Repairing Course, Etc...
સરકારી કર્મચારીને ગ્રેડેશન માટે CCC ની ટ્રેઈનિંગ આપવામાં આવશે.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા
ફ્રી મટીરીયલ તથા બેગ
કોર્ષના અંતમાં GCTI દ્વારા સરકાર માન્ય સર્ટીફીકેટ
અનુભવી શિક્ષક દ્વારા શિક્ષણ
100 % રોજગાર લક્ષી કોર્ષ
ફ્રી સ્ટડી મટીરીયલ
ઓનલાઇન વેરીફીકેશન ઉપલબ્ધ
AUTHORIZED TRAINING CENTER
VIJAY COMPUTER EDUCATION CENTER
At Post - Chithoda, Nr. Chithoda Police Chowki,
Ta. Vijaynagar, Dist. Sabarkantha
Pande Ashokbhai K. [ Mo. 94284 10430 ]

Printed, Published and Owned by Dr. PANDE VIJAYKUMAR ASHOKBHAI and printed at Shree Ganesh Offset, A/6, Shubh-Labh Estate, Nr. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380004. Ph. : 079- 25626240. and Published from F/51/694, Prakashdeep Appartment, Opp. Bhavsar Hostel, Nava Wadaj, Ahmedabad- 380013. Editor : Dr. PANDE VIJAYKUMAR ASHOKBHAI